

અભિમન્યુનું યુદ્ધગમન

અને

ઉત્તરાની વિનવણી.

લેખક,

મણીલાલ જીવરામ ગાંધી.

—શાર્દુલ વિક્રિડીત છંદ.—

વદુ વ્હાલ ધરી શ્રી કૃષ્ણ પ્રભુને આનંદકારી અતી,
ધ્યાને મગ્ન થઈ ગુણ ગીરી મળી જેને યજે છે યતિ;
આપો બુદ્ધિ, કુબુદ્ધિ કાપો પ્રભુજી કીર્તિ જગ જામવા,
આશા આપ તણી હૃદે અતિ મને નોવેલ વિસ્તારવા.

અભિમન્યુનું યુદ્ધ ગમન

અને

ઉત્તરાની વિનવણી.

લેખક તથા પ્રકાશક,

મણીલાલ જીવરામ ગાંધી.

જાદર—મહીકાંઠા.

આવૃતી ૧ લી. પ્રત ૫૦૦.

સંવત ૧૯૭૨. સને ૧૯૧૫.

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સોમાલાલ મગળદાસે

છાપ્યુ. પાંચકુવા ચાર રસ્તા—અમદાવાદ.

કીંમત ૦-૬-૦ પોસ્ટેજ ૦-૧-૦

અર્પણ પત્રિકા.

"સત્યસિંહ" નૉવેલના સુપ્રસિદ્ધ લેખક—

સાક્ષર શ્રી ચુનીલાલભાઈ વડનગર નિવાસી.

આપશ્રી અદ્વીતીય જ્ઞાન વિભુષિત વિદ્વદ્ રત્ન છો, ઉછરતા લેખકોને સન્માનથી વધાવી તેમના ઉત્સાહને ઉત્તેજન આપો છો, આશ્રિત જનો પ્રત્યે પૂર્ણ પ્રેમથી જોઈ તેમનું કલ્યાણ કરવા આપશ્રીના ઉદાર હસ્ત સદા ઉત્સુક રહે છે, ઈત્યાદી તેમજ આ રંક સેવક પ્રતિ, સ્વલ્પ પરિચય છતાં વાત્સલ્યમય સ્નેહની લાગણી રાખી રહ્યા છો, એ મહદ્ ઉપકારના નીરંતર સ્મણાર્થે મારૂં "અભીમન્યુનું યુદ્ધગમન' નામક નૉવેલ શુદ્ધ પ્રેમ ભાવનાથી આપની સેવામાં સમર્પી કૃતકૃત્ય થાઉ છું.

લી.

આપ દયામુર્તીનો ગુણાનુરાગી સેવક,

મણીલાલ જીવરામ ગાંધી.

આભાર પત્રિકા.

સદા રા. રા. શ્રીયુત્ હીરાલાલ ત્રીભોવનદાસ
સીરસ્તેદાર, પોલીસ ઓફીસ
હીમતનગર.

આપશ્રી મારા પ્રત્યે સર્વદા પ્રેમ દ્દષ્ટિથી જુઓ છો તથા મને ઉન્નત સ્થિતિમાં લાવવા આપ નિસ્વાર્થ પ્રેમની લાગણીથી સતત્ પ્રયાસ કરો છો. ઇત્યાદી આપના શુભ ગુણોથી આકર્ષાઇ મારા આ રસિક નોવેલ સાથે આપનું શુભ નામ જોડી આનંદ પામું છું.

લી. આપનો આભારી સેવક,
મણીલાલ જીવરામ ગાંધી.
મુ. જાદર.

આભાર પત્રિકા.

પરમપ્રિય મિત્ર, શ્રીયુત્ નારણલાલ હરિવલ્લવદાસ શાહ,

(અમદાવાદ)

હાલ આસીસ્ટંટ સ્ટેશન માસ્તર—લખતર.

કદી ન ભુલી શકાય તેવુ આપનું નિરાભિમાનત્વ, અદ્વીતિય મમતાળુ સ્વભાવ, અને મારા પ્રત્યેનો આપનો કાચ સમાન નિર્મળ પ્રેમ, ઇત્યાદીને લીધે આપનુ શુભ નામ મારા આ વિરરસ વિભુષિત નોવેલ સાથે જોડી કૃતાર્થ થાઉં છુ.

લી. સ્નેહાધિન,

મણીલાલ જીવરામ ગાંધી.

મુ. જાદર.

પ્રસ્તાવના.

અભીમન્યુનૂ યુદ્ધ ગમન નામક નોવેલ વાંચક બંધુઓના કર કમલમાં મુકતાં પહેલા પ્રસ્તાવના લખવાની વિદ્વાનોની અભીનંદનીય રીતિને ઉત્થાન આપી તેને અનુસરવાની રજા લઉં છું.

આ અદ્દ્ભુત સંસારમાં મનુષ્ય અનેક પ્રકારે કીર્તિનો ભાગી થઇ શકે છે. કોઇ વિદ્યારૂપી વિમળ રત્નના પ્રકાશ વડે જનસમાજમાં દીપી નીકળે છે. કોઇ પ્રભુના પવિત્ર નામોચ્ચારમાં સુખ માની જીવનનું સાર્થક કરે છે કોઇ પરોપકારના પરમમિત્ર બની પ્રભુના પ્રિયપાત્ર થઇ પડે છે, જ્યારે કોઇ વિરલા પુરૂષો પ્રાણાર્પણ કરી પોતાના પરાક્રમના પ્રતાપે ગવાય છે.

આજકાલ નવલકથાઓના વાંચન પ્રતિ જનસમાજનું લક્ષ વિશેષ દોરાયલુ પ્રતિત થાય છે અને એથી ભારતવર્ષનો ભાનુ પુનઃ પ્રકાશ પામી ઉન્નતિના શિખરપર વિરાજશે એવી આશા બંધાય છે. વિદ્યાદેવીના અદ્દ્ભુત પ્રતાપથી કોણ અજ્ઞાત છે ?

પ્રિય બંધુઓ ? ઉક્ત નોવેલમા વિરરસ પ્રાધાન્ય છે. કલ્પીત નોવેલ કરતાં જગતમા પોતાના મહાન કાર્યોવડે અમરત્વને પામી પ્રખ્યાત થઇ ગએલ વિરપુરૂષોનાં ચરિત્ર વાંચક બંધુઓને વિશેષ રૂચીકર લાગશે, એમ સમજી ઐતિહાસીક કથાને નોવેલના રૂપમાં આલેખવા યત્ન કર્યો છે.

" અભીમન્યુ સમર ક્ષેત્રમાં નીકળી ચુકેલો હોવાથી, ઉત્તરા સમાન સૌંદર્યની અધીદેવીના પ્રેમપાશમાં ન પડતાં તેની ગૃહ તરફ પાછા વળ-

વાની વિનવણીનો તિરસ્કાર કરે છે. તથા નાની વય હોવાછતાં પ્રબળ શત્રુ દળનો પ્રતિપક્ષી બની પોતાની વિરતા દાખવે છે. અને તેથી અર્વાચીન કાળમાં બ્રહ્મચર્યના અભાવે શૌર્ય, ડહાપણ, વિનય, તેજસ્વીતા ઇત્યાદી ગુણોએ આર્ય પુત્રો સાથે શત્રુતા કરેલી જણાય છે જ્યારે ભીરૂતાએ સખ્ય સંબંધ સાંધેલો સત્ય સિદ્ધ થાય છે.

દેશના ઉદ્ધારનુ મુળ પગથીયુ શારિરીક બળ ઉપર છે અને એ પગથીઉ બ્રહ્મચર્ય વડેજ પ્રાપ્ત થઇ શકે છે એવું જાણ્યા છતાં ભરતખંડનો ઘણો ભાગ કુંભકરણની અવસ્થામાં પડેલો દેખાય છે. એ એક અતી શોચનિય બાબત છે. ઇત્યાદી વિષયો એમાં વર્ણવેલા છે.

વળી, દેશને અધમ પરિસ્થિતિએ પહોચાડનાર શત્રુઓમાં બાળ લગ્ન અને કન્યાવિક્રયનું બળ વિશેષ છે. દ્રવ્યની લાલચ, કુલાભિમાન અને કિર્તિલોભ ઇત્યાદી દુષ્ટ હેતુઓને લીધે માબાપ પોતપોતાની સગવડતા મુજબ પુત્રીઓને લગ્ન ગ્રંથીએ ગુંથે છે તેથી લગ્નનો ઉદેશ નિરર્થક થાય છે, લગ્નનો ખરો હેતુ પ્રેમજ હોવો જોઇએ પરંતુ એ પવિત્ર હેતુ ઘણે ભાગે નષ્ટ થએલો હોવાથી ભારત ભૂમીની અનેક ગાય સમાન ગરીબ બાલીકાઓના જીવનમાં હળાહળ વિષ ભેળાયું છે અને હજુ ભેળાય છે. એ વિષયપર નોવેલના છેવટના ભાગમાં એક ટુંકી વાર્તા મુકવામાં આવી છે.

સ્વયંભુ શિવાય કોઇ પણ વ્યક્તિમાં સર્વજ્ઞતા સાબીત થતી નથી તેથી દોષને ન જોતાં માત્ર ગુણ તરફજ દૃષ્ટિ કરવા વાંચક બંધુઓને વિનિત ભાવે વિનતિ કરી વિરામું છું.

મણિલાલ જીવરામ ગાંધી.
જાદર નિવાસી.

શ્રી ગણેશાયનમઃ

અભિમન્યુનું યુદ્ધ ગમન

અને

ઉત્તરાની વિનવણી.

પ્રકરણ ૧ લું.

યુદ્ધ આમંત્રણ.

ધ્વીતીય પ્રહરનો સમય થવા આવ્યો છે. અત્યારે કુરૂક્ષેત્રમાં ધર્મરાય પોતાના એક તંબુ મધ્યે અંગિત જનો સહિત સભા ભરી ખિન્ન વદને બેઠેલા છે. સભામાં ભીમસેન, સહેદેવ અને નીકુળ મુખ્ય હતા. એ શિવાય કેટલાક ધનુર્ધારી સૈનિકો તથા થોડાક સેવકો હતા.

પ્રથમ ધર્મરાજાએ ઉભા થઇ સભાજનોની દ્રષ્ટિ ખેંચી!

" મ્હારા વ્હાલા બન્ધુઓ ! આ વખતે આ સભા ભરવાનું શું કારણ હશે ? એ વિષે સર્વના મનમાં અવનવિત વિચારો થતા હશે અને વળી મ્હારી મુખમુદ્રાની નિસ્તેજતા અને ખિન્નતાને લીધે સર્વને વિશેષ આશ્ચર્ય લાગતુ હશે. તે સર્વ શંકાના નિરસન અર્થે કૌરવપક્ષમાંથી આવેલો આ પત્ર હું વાંચી સંભળાવુંછું તે શ્રવણ કરો!"

"પાડવ પક્ષના શિરોમણી ધર્મરાય—

લિ. સવિનય નિવેદન કે—અમોએ દ્રોણાચાર્ય ગુરૂની મંત્ર વિ-દ્યાથી કોઠા યુદ્ધ રચ્યુ છે. અને કાલે પ્રાતઃકાળથી યુદ્ધનો પ્રારંભ થશે. માટે તમારે સૈન્ય સહિત ત્યા લઢવા આવવુ. જો લઢવાનુ સામર્થ્ય ન હોય, અને તમારાં શસ્ત્રોમાં કાયરતાએ પ્રવેશ કર્યો હોય તો પાછા એકદમ અરણ્યનો માર્ગ ગ્રહણ કરજો નહિ તો અમે ભયંકર રીતે આક્રમણ કરી તમારો કુટુંબ અને સૈન્ય સહિત વિધ્વંસ કરી નાખીશું પત્રનો ઉત્તર સત્વરે આપજો."

લી. છત્રપતિ દુર્યોધન.

પત્ર શ્રવણ કરતાંજ સર્વના મુખપર એક સરખી ખિન્નતા પથ-રાઇ ગઇ. ભીમસેન સહેદેવ વિગેરે એક એકના સામુ જોવા લાગ્યા અને ધર્મરાય અશ્રુજળથી ધરાદેવીને ભીંજવવા લાગ્યા.

પ્રિય વાંચકો ? યુદ્ધ આમંત્રણ પત્રિકાથી પાંડવોમાં ખિન્નતા કેમ વ્યાપ્ત થઇ ગઇ ? શુ મદોન્મત ભીમસેનનુ બળ નાશ પામ્યું હતું ? શું તે યુદ્ધમાં જતા ડરતો હતો ! શુ તેના અંગમાંથી ક્ષત્રિય તેજનો લોપ થઇ ગયો હતો ? યા શુ ભારતાએ તેની સાથે સખ્ય સબંધ સાંધ્યો હતો ' બંધુઓ ! તેમ નથી તેનામાં કૌરવ દળને સં-હારવાનું સપુર્ણ બળ હતું. પરતુ દુષ્ટોએ અર્જુનની [1]ગેરહાજરીની તક સાંધી "કોઠાવ્યુહ" ની નુતન રચના કરી યુદ્ધ આમંત્રણ પત્રિકા

[1]. અર્જુન પાતાળમા દૈત્યને હણવા ગયો હતો. અને પાછો આવે ત્યા સુધી યુદ્ધ બંધ રાખવાનો કરાર હતો.

મોકલી હતી અને અર્જુન શિવાય ઉક્ત વિદ્યાથી સર્વ ભ્રાત અજ્ઞાત હતા. એજ કારણુને લીધે તેઓ શૌર્યહિન સમાન દ્રષ્યમાન થતા હતા. અસ્તુ.

સભામાં સર્વત્ર નિસ્તબ્ધતા પ્રસરી રહી છે. બે ત્રણુ કલાક વ્યતિત થઇ ગયા તથાપિ કોઇ ક્રોઢાયુદ્ધની વિજયમાળને સ્પર્શ કરી શક્યું નહિ એવામાં ઓચિતો અર્જુનનો પુત્ર અભિમન્યુ ત્યાં આવી પહોંચ્યો. સભામાં સર્વનાં મુખ કરમાએલાં નીરખી તેના આશ્ચર્યનો અવધિ થયો છતાં ધીમેધીમે જઇ ધર્મરાયના ઉછ્ંગમાં બેઠો. ધર્મનું મન આ વખતે સંકટ સમુદ્રમાં ડુબેલું હતું તેમજ સભામાં સર્વ જણુની પરિસ્થિતી પણુ એ પ્રમાણેજ હતી. તેથી કોઇએ અભીમન્યુને આવકાર આપ્યો નહિ. આમ કરવામા સભાજનોને દોષ દઇ શકાય નહિ. કારણુ કે કોઈ પણુ પ્રકારની ચિંતાને લીધે મનુષ્યનું હ્રદય ગભરાઇ જાય છે. અને તે વખતે તેને પોતાના દેહનું પરિપુર્ણ ભાન રહેતું નથી. એ પ્રમાણે તેઓ પણુ ગભરાઇ ગયા હતા. પરંતુ તેમની એ ચિંતાના કારણથી અજ્ઞાત હોવાને લીધે અભીમન્યુના મનમાં ઘણું ખોટું લાગ્યુ. તે પોતાના મન સાથે આત્મગત કહેવા લાગ્યો.

હરીગીત છંદ.

છે સ્વાર્થમય સંસાર ને શુ સ્વાર્થ કાજે સ્નેહ છે?
અગિત આમ જનો ભલે! સૌ સ્વાર્થ કેરો નેહ છે.
દેખાય ના કંઇ સાર સંસારે અહા! આ શું દીસે!
મમ આગમન થાતાં અહીં કાં મર્ણ ના દીધુ ઇશે. ૧
કાસાર નિર વિના હશે ત્યાં પક્ષીઓ દેખાયના,
ને મક્ષિકા મધવાણુ મધપુડા પરે લોભાયના;

જન, દ્રવ્યહીન મનુષ્ય દ્વારે ના કદી દેખાય છે,
સંસાર સ્વાર્થ તણો સગો ! એ આજ સત્ય જણાય છે. ૨

છે વેગળા નખ અંગુલીથી વચન એ ખોટું નથી,
શાને બનીને નમ્ર પ્રેમી જન મરે ખાલી મથી !
સેવે સહુ પરમેશને પણ સ્વાર્થનો હેતુ ખરે,
મનમાં વિના કંઇ સ્વાર્થ કોઇ કોઇને ઉર ના ધરે. ૩

જે સમય તાત હતા અહીં ને રણ મહીં લડતા હતા,
નિજ ભ્રાત માટે શીર સાટે શૌર્ય દાખવતા હતા;
મમ માન પાન હતું સમે તે ! ગરજ કાજ જણાય છે,
સંસાર સ્વાર્થ તણો સગો આજે અનુભવ થાય છે ! ૪

સત્કાર વીણ ગમે જરીના હૃદય ફાટી જાય છે,
સંસારનું વૈચિત્ર્ય દેખી, દીલ ખુબ દુખાય છે;
ધિક્કાર છે જાવું ! નથી જ્યાં માન કે કઇ આબરૂ,
મમ તાત પાતાળે ગયા તેથી નયન વારિ ભરૂ ! ૫

છેલ્લી કડી બોલતાં બોલતા તેનાં નેત્રમાં અશ્રુ બિન્દુ ભરાઇ આવ્યાં અને કપોળ પ્રદેશને ભીંજવી ધરતીપર ટપકવા લાગ્યાં. આવી પરિસ્થિતિમાં બે ત્રણ ક્ષણ વ્યતિત થઇ નહિ એટલામાં તે વિર બાળક એકદમ ઉઠયો અને આગળ પગલુ ભરવા જાય છે કે તુર્ત ધર્મરાયે પકડી લીધો તેઓ તેની આવી સ્થિતિ થવાનું કારણ સમજી ગયા તેથી ધીમે રહી કહેવા લાગ્યા.

હરીગીત છંદ.

થઈ સુસ્ત હે પ્રિય પુત્ર કાં તું વખત ઓળખતો નથી.
ભારી અતિ સંતાપ છે મમ ઉર તે ટળતો નથી,

આ પત્ર જો આવ્યો અરીનો યુદ્ધ આમંત્રણ કરે;
કોઠા થકી અજ્ઞાત સર્વે એજ છે ચિંતા ઉરે ! ૧
પાતાળમાં તુજ તાત દાનવ નાશ કરવા સંચર્યા,
એ લાગ સાંધી કૌરવોએ કપટ મંત્રો આદર્યા;
મમ નેત્રના આધાર વ્હાલા પુત્ર તુજને વિનવું,
ઓછું દિલે આણીશ ના ! આ સમય તો ડાહ્યા થવું ! ! ! ૨

એટલું કહી કૌરવ પક્ષમાંથી આવેલો પત્ર તેને વાંચી સંભળાવ્યો.

જેમ જ્વરના દર્દીને ક્વીનાઇન પાવાથી તેનો જ્વર ઉતરી જાય છે તેવીજ રીતે દુષ્ટ દુર્યોધન તરફથી આવેલા એ પત્રના વાંચનથી અભીમન્યુનો રોષ ઉતરી ગયો. અને એ રોષને સ્થાને એકદમ શૌર્ય-નો સંચાર થઇ ગયો.

તતક્ષણ તે ક્રોધ મિશ્રીત સ્વરે કહેવા લાગ્યો. ધર્મદાદા ! હવે તમે સર્વ ચિંતાને પરહરી આનંદને હ્રદયમાં સ્થાન આપો એ દુષ્ટો એમ જાણતા હશે કે અર્જુનના પાતાળ ગમનથી હવે પાંડવ પક્ષમાં કોઈ શુરવીર નહી હોય. પણ દાદાજી ! હવે એ પામરોને જ્ઞાત થશે કે " સિંહના કુટુંબમાં સિંહજ પાકે છે. "

હું છ કોઠાની વિદ્યા પરિપુર્ણ રીતે જાણું છુ અને તેથી છ કોઠા સુધી વિજય પતાકા ફરકાવવાની આ ક્ષણે પ્રતિજ્ઞા કરૂં છું. એમ કહી શૌર્યના આવેશમાં વિર બાળકે પાનના બીડાને મુખમાં સ્થાન આપ્યું અને યુદ્ધમાળને કંઠમાં પરિધાન કરી દીધી.

તેજ વખતે ભીમસેન પણ ભયંકર ગર્જના કરી બોલી ઉઠયો કે-સપ્તમા કોઠામાં વિજય કરવાની હું પ્રતિજ્ઞા કરૂં છું.

એ પછી અભિમન્યુ ઉદ્યાન તરફ ફરવા માટે ચાલ્યો ગયો.

પ્રકરણ ૨ જું.

ભયંકર સ્વપ્ન.

" અભિમન્યુએ યુદ્ધમાળ પરિધાન કરી છે અને તેના પિતાની કીર્તિને દીપાવી છે. " એ સમાચાર અલ્પ સમયમાં સર્વત્ર પ્રસરી ગયા સર્વ કોઇ તેની વિરતાની મુક્ત કંઠે પ્રશંશા કરવા લાગ્યા. પરંતુ એ કથન તેની જન્મદાત્રી માતા સુભદ્રાના શ્રવણ પુટપર પડતાંજ તેણી એ બાકળી બની ગઇ. જાણે તેની વ્હાલી વસ્તુ અદ્રષ્ય થયાના સમાચાર ન મળ્યા હોય ! કિંવા કંઇ દુઃખદ પ્રસગ ન બન્યો હોય ! તેમ તે ભગ્ન હ્રદયે બોલી ઉઠી ! હાય ! દૈવનો આશો વજ્રપાત ! રે રે ! મુજ રંક અબળા ઉપર ઇશ્વરનો આ શો કોપ ? એવી રીતે તે અશ્રુપાત કરતી એકદમ તહુએ આવી પહોંચી અને ધર્મરાય તથા અન્ય સભાજનો પ્રત્યે આર્ત સ્વરે કહેવા લાગી ?

હરીગીત છંદ.

મમ બાળ છે હજુ અલ્પ વયનો યુદ્ધ એ કરનાર શું ?
કદિ સૂર્ય તાપ સહ્યો નથી તે વિજય મેળવનાર શુ ?
નથી મીંઢળ છૂટયાં હસ્તનાં હજુ વીશ વર્ષ થયાં નથી,
હજુ વસ્ત્ર લગ્ન ઉમગનાં અળગાં જરીક થયાં નથી. ૧

જે અંગ કોમળ અધિક છે નવ પુષ્પ વાત સહી શકે,
તે વજ્ર સમશર કર્ણ દ્રોણ તણાં શી રીતે સહી શકે,
મમપર રૂઠયો શું દૈવ શો આ કોપ ઇશ્વરનો થયો ?
જાગ્યો અરી ક્યાં પૂર્વભવનો કુંવરને ઉશ્કેરીયો. ૨

હે ધર્મરાય ! તમે સાક્ષાત દયાના અવતાર થઇ આજ એક નીરપરાધીની અબળા પ્રત્યે આટલા નિષ્ઠુર કેમ બન્યા છો ? મુજ રાંકનું રત્ન ! નેત્રનો તારો અભિમન્યુ ! તેને તમે ઉશ્કેરીને મરણના મુખમાં મુકવા ધાર્યો ? રે ! એ બાળકને કાળનો કોળીયો કરાવવામાં તમારો શો હેતુ સમાયલો છે ? તે હુ સમજી શકતી નથી—એટલુ બોલી સતી સુભદ્રા નેત્રમાંથી નિર વર્ષાવતી સભાજનો પ્રતિ સ્થિર દ્રષ્ટિ રાખી કાચની પુતળી સમાન ઉભી રહી !

આ દેખાવ જોઇ ધર્મ સહિત સર્વ સભાજનોનાં હ્રદય દ્રવિભુત થઇ ગયાં તેઓ એક બીજા સામુ સ્તબ્ધતાથી નીરખવા લાગ્યા. એ-ટલામાં યુધિષ્ઠિરને એક વિચાર સુજી આવ્યો અને તુર્ત તેમણે જ્યોતિર્વિદ્યામાં નીપુણ પોતાના બંધુ સહેદેવને ઉદ્દેશી પુછ્યું ! પ્રિય બંધુ ! અભિમન્યુ યુદ્ધે ન જાય એવો કોઇ પણ ઉપાય હોય તો સત્વરે બતાવો ! નહિ તો મહાન્ અનિષ્ટ પરિણામ થશે

સહેદેવ—હે જ્યેષ્ટ ભ્રાત ! જેમ કનક અને કામિનીને નીરખી વિરાગીની નિષ્કામ વૃત્તિનો પણ લોપ થઇ જાય છે. તેમ અભિમન્યુને જો યુદ્ધે નિકળતા પહેલા વૈરાટ કુમારિનુ મુખ દર્શન થાય તો તે સમર ભુમિમા જવાની ઇચ્છાનો પરિત્યાગ કરે !

સહેદેવનાં વચન સાંભળી સર્વ જણને જરાક ધૈર્ય આવ્યુ. સુભદ્રાના હ્રદયમાં પણ આશાનુ એક ઝાખું કીર્ણ પ્રદિપ્ત થયું.

તતક્ષણ ધર્મરાજાએ એક પવન વેગી સાઢવાળા રાયકાને મોં માગ્યા દામ આપવા કબુલ કરી ઓત્રાને તેડી લાવવા વૈરાટનગર મોકલી દીધો.

*　*　*　*　*

પ્રિય વાંચકો ? ચાલો ! હવે આપણે વૈરાટપુરમાં શુ બનાવ બને છે તે તરફ જરાક દ્રષ્ટિ કરીએ.

લગભગ મધ્ય રાત્રીનો સમય થયો છે. શુકલ પક્ષી હોવાથી નીશાનાથ ચંદ્ર નભો મંડળમાં ઝગઝગાટ કરી રહ્યો છે. વિરહ વ્યાકુળ કેટલાંક પ્રેમી પંખીડા શિવાય સર્વ જણને નિંદ્રાદેવીએ પોતાના પાશમાં લઈ લીધેલાં જણાય છે.

આ સમયે રાજ મહાલયમાં ઓત્રાના શયન મંદિરમાં એક કારમી ચીસ સંભળાઇ ઓત્રાની માતાનો શયન ખંડ પણ સમીપમાંજ હતો. તેથી એ ભયંકર ચીસ શ્રવણ થતાંજ તે ઝબકીને જાગી અને દીપક સળગાવી જુએ છે તો, પોતાની પ્રાણ સમાન પ્રિય પુત્રી વૃક્ષના પર્ણની માફક ધ્રુજતી ઉભી રહી છે. મુસ્તક પ્રદેશ પ્રસ્વેદ જળથી ભીંજાઇ ગયો છે. અને સાથે નયનમાંથી અશ્રુધારા પણ એક સરખી ચાલી રહી છે.

આ દ્રષ્ય જોઇ સુદર્શના આવરી બાવરી બની ગઇ તેણે તતક્ષણ પુત્રીને નીકટમાં લઇ હ્રદયા લીંગન આપ્યુ અને અત્યંત મમતાથી પૂછવા લાગી મ્હારી વ્હાલી ઓત્રા ! તને એકાએક આ શું થયુ ? એવી શુ ભયંકર વસ્તુ દ્રષ્યમાન થઇ કે તું આટલી બધી ગભરાઇ ગઇ ? જે હોય તે મને જલ્દી જણાવી દે. મ્હારી અધીરતાનો અવધિ થયો છે.

માતાનાં ધૈર્ય વચનો શ્રવણ કર્યા છતાં ઓત્રાથી કંઇ બોલી શકાયુ નહિ જાણે તેના કંઠનો અવરોધ થયો હોયની ! તેમ તે પ્રથમની પેઠેજ કાષ્ટવત્ ઉભી રહી ?

આથી સુદર્શનાની આંખોમા પણ અશ્રુ જળ ભરાઈ આવ્યું. તેણે ફરીથી પુત્રીને પુછ્યુ ! વ્હેન ! તું શા માટે ડરે છે ? જે હોય તે સત્વરે જણાવ ! જો તારે માથે શુરવીરાત છે. માટે તું જરા પણ વિક્ષોભ પામ્યા વિના તારી આવી દુઃખદ પરિસ્થાતિનું કારણ કહી દે ?

ઓત્રા— હરીગીત છંદ.

પ્રિય માત ! હુ ભર નીંદમા મમ શયન મંદીરે હતી,
નવ નિકટ કોઇ હતું અને મનની સ્થિતી રૂડી હતી;
એવી રીતે રજની વિતી અર્ધી પછી શુ થાય છે ?
વિસ્તાર કરતાં હાય મા ! મમ ઉર ફાટી જાય છે.

* * * * *

અણુ ચિંતવ્યું વિકાળ સ્વપ્ન થતાં ડરી જાગી ગઇ,
મન વ્યગ્રતા પામ્યુ અને આશા લતા ઉડી ગઇ;
મમ જીવનનો આધાર જાણે શસ્ત્ર સજ્જીત થાય છે,
સંગે લીધા વિણ મદદ રણમાં યુદ્ધ કરવા જાય છે.

સુદર્શના—હેં હેં દિકરી ! આ શુ કહે છે ? પછી ?

ઓત્રા—યુદ્ધે અતિશય શૌર્ય જણુવી અરીનુ દળ રોળિયું.
કરી વિજય વય ઓછી છતાં નિજ તાત નામ દિપાવાયું.

સુદર્શના—અહાહા ! ધન્ય !

ઓત્રા—પણ દુષ્ટ દૈવ થયો દયાહિન પાપ પૂર્વ તણું નડયું.
અરિ પક્ષમાંથી એક શર મમ નાથપર આવી પડયું.
એ પ્રાણ ઘાતક બાણથી કોમલ તરૂ ભાગી ગયું ?
એ સ્વપ્ન સ્મર્ણ થતાં.......................

ઓત્રા હજુ છેલ્લી કડી બોલી રહી નથી એટલામા નીચેથી એક અનુચરની મોટા સ્વરે બુમ સભળાઇ માતા અને પુત્રી બંન્ને ચકિત થઇ એક બીજા સામુ અશ્રુ પુર્ણ નયને જોઇ રહ્યાં નીચેના ખંડમાં ઓત્રાની એક દાસી હતી. તે પણ અનુચરના ઉચ્ચ પોકારોથી જાગી ઉઠી અને દ્વાર ઉઘાડયા.

સેવકે દાસીના હસ્તમાં એક પત્ર મુકયો અને કહ્યું કે "ઓત્રા બ્હેનને એકદમ જગાડો હસ્તિનાપુરથી માણસ તેડવા આવ્યો છે, મેં તેને મોટા દરવાજા આગળ ઉભો રાખ્યો છે."

દાસીએ ત્વરીત્ ગતિથી ઉપર જઇ પત્ર ઓત્રાના કરમાં મુકયો ઓત્રાએ છલકાતે નયને વાંચવા માંડયો !

"વનિતા કુળમણિ મહારાની સુદર્શના—મુ. વૈરાટપુર.

"યુધ્ધે ચઢે સુત પ્રાર્થનો દિન આવતે દશ વાગતાં;
છે પ્રબળ હઠવાદી રહે રોકયો ન કોથી રોકતાં,
તમ પુત્રીને આ પત્ર દેખી સત્વરે વોળાવજો.
નથી સમય શુભ મુહુર્ત જોવાનો જરૂર વિચારજો."

લી ધર્મના શુભાશિષ."

પત્ર વાચી માતા તથા પુત્રીએ થોડીક પળ સુધી એક બીજા સાથે ઉષ્ણ આસુડા ખાળ્યા બન્નેમાથી કોઇ એક શબ્દ પણ બોલી શકયુ નહિ.

અતે ઓત્રા અશ્રુ જળ લુછી નાખી બોલી ! માતા ! હવે વિલંબ કરવામા સાર નથી વિધિએ મારા ભાગ્યમા જે જે ભોગવવાનુ નિર્માણ કરેલું હશે તેમાં કોઇથી ન્યુનાધિક થઇ શકનાર નથી માટે શોકનો પરિત્યાગ કરી મને આશીશ દઇ રજા આપો ?

સુદર્શના (સજળ નેત્રે)–બ્હેન ! શીધાવ ? પ્રભુ ત્હારા સૌભાગ્યનું સદા રક્ષણ કરશે ? હે અનાથોના નાથ ! વિશ્વાધાર ! તમે સદા દુઃખીજનોની વ્હારે ચઢો છો ! તો દયા કરી મ્હારી આટલી નમ્ર અરજી ઉરમાં લેજો ?

(એટલુ કહી તે રડી પડે છે.)

તતક્ષણ ઓત્રા, પોતાની મમતાળુ માતુશ્રીની આશિષ મુસ્તકપર ચઢાવી સાઢણીવાળા સાથે હસ્તિનાપુર વિદાય થઇ !

પ્રકરણ ૩ જું.

ઓત્રા—મમ્ પ્રિય સખી ! પેલા રથની અદર કામદેવ સરિખો બાળ યુવક કોણ છે ? જો તો ખરી ! રણક્ષેત્રમા જવાને માટે અગ ઉપર કેસરી વસ્ત્રો ધારણ કરેલાં છે અને મહારથીની પેઠે શસ્ત્રાદિથી સુસજજીત બનેલ છે અત્યારે તેના ગૌર વદન કમળ ઉપર શૌર્યની છટા પ્રસરાએલી હોવાથી જાણે બીજો ઈંદ્ર યુધ્ધે ચડયો હોયની ? એવુજ જણાય છે. વળી તેની ઉમ્મર ઘણીજ ઓછી છે છતાં પ્રબળ શત્રુ દળના પ્રતિ પક્ષી તરીકે યુદ્ધ કરવાનો મન સાથે નિશ્ચય કર્યો છે, એજ તેની ઐશ્વર્યતા તથા વિરતાની પ્રતિતી છે. સખી ! કઇ ભાગ્યશાળી યુવતિનુ પાણી ગ્રહણ એ વીર યુવકની સાથે થયુ હશે ? અહા ? વ્હાલી સખી ! હુ તો એમજ માનુ છું કે જે રમણી રત્ને એ પુરૂષના હ્રદયમાં સ્થાન મેળવ્યુ છે, જે સ્ત્રીના હસ્તને એ વીરનરની સેવા કરવાનુ માન છે, અને જે પ્રમદાને એ કામદેવ સરખા પુરૂષને “સ્વામી” તરીકે સબોધવાનો અધીકાર પ્રાપ્ત થયો છે. તેના જન્મને શત્ કોટી ધન્ય છે.

સખી—" બ્હેન ઓત્રા ? શુ તું એ શુરવીર નરને ઓળખતી નથી ? એ ગાંડીવ નામના ધનુષ્યને ધારણ કરનાર, દ્વારીકા નગરીના નૃપવર શ્રીકૃષ્ણની ભગીની સુભદ્રાનુ હરણ કરી જનાર, દ્રુપદ રાજાના દરબારમાં મચ્છા વેધ કરી પોતાની બાણ વિદ્યાની પ્રવિણતાની ખાત્રી કરી બતાવનાર, અને યુદ્ધમાં સદા દિગ્વીજય કરનાર એવા અર્જુનજીના પુત્ર અભીમન્યુ છે. વ્હાલી બ્હેન ! ખરેખર ! ત્હેં પૂર્વ જન્મમાં ભક્ત નરનારીઓની પેઠે શ્રીવિષ્ણુ ભગવાનની પુર્ણ પ્રેમથી સેવા કરેલી છે. અને તેના યોગેજ તું આવા સફળ ગુણ સંપન્ન વીર ભરથારને પામી છે.

ઉક્ત વચનો સાભળતાંજ ઓત્રાએ સખીને ગૃહ તરફ જવાની રજા આપી અને પોતે યુધ્ધે જતા સ્વામીના રથને જોડેલા અશ્વની વાગ પકડી ઉભી રહી અને " હે સ્વામીન્ ! કૃપા કરી અશ્વને પાછો વાળો " એટલુ કરૂણાર્દ્ર સ્વરથી કહ્યું.

આ રંભા સમાન સૌદર્યવતી નવયૌવના સ્ત્રીને જોઇ વીર અભિમન્યુ થોડીવારને માટે પોતાનું ભાન ભુલી ગયો. અને સરજનહારની અદ્‌ભૂતકૃતિને નીરખી તેનાં નેત્રમા હર્ષાશ્રુ આવ્યાં

એ ત્રણ ક્ષણ આવી પરિ સ્થિતિમા વ્યતીત કીધા પછી તુરત તેણે આ પુર્ણીમાના ચંદ્રસમાન સુ સ્વરૂપા યુવતી પ્રત્યે પ્રશ્ન કર્યો ! હે લલના ? તમે મારા રથને શા કારણથી રોકવાની ઇચ્છા કરો છો ? વળી મને સ્વામી તરીકે સંબોધવાનો અધીકાર માત્ર વૈરાટ કુમારિનેજ છે. લગ્ન વખતે નયન પીડાને લીધે ઉભયનાં ચક્ષુએ પાટા બાંધેલા હતા અને એને લીધે એક બીજાને કોઇ નીરખી શક્યું નથી. તેથી પ્રથમ હુ તમને એ પુછવા માગું છું કે કયુ ભાગ્યશાળી નગર

તમારી જન્મભૂમી હોવાનું માન ધરાવે છે ? અન કયા ભાગ્યવંત નૃપના સ્વર્ગ સદનમાં તમારા કદળી સ્તંભ સમાન સુકોમળ ચર્ણનો નૂપૂર ધ્વની અહોનિશ કર્ણ ગોચર થાય છે ?

ઓત્રા—પ્રાણનાથ ! આપનો પ્રશ્ન વાસ્તવિક રીતે બરાબર છે તથાપિ એક રીતે જોતાં એ શંકાને હૃદયમાં સ્થાન આપવાની કશી પણ અગત્ય નથી. કારણકે પવિત્ર ભરત ભૂમિને પતિત કરનાર એવી કોણ અત્યાચારી અને દુર્ભાગી સ્ત્રી હશે કે જે અવર પુરૂષને સ્વામી શબ્દથી સંબોધી પોતાના કુળને કલંકીત કરવાનું અનિષ્ટ કર્મ કરે હૃદયવલ્લભ ! હું વૈરાટ કુમારિ, સદા આપનું વદન કમળ પ્રેમથી નીરખનારી અને સતી સુભદ્રાના વીર શીરોમણી કુંવરની અર્ધાંગના નારીજ છું. પ્રભુ ? રથને પાછો વાળો ! અને દીનદારાના હૃદયની સર્વ ચિંતા ટાળો.

પોતાની પ્રિયતમાનાં વેણ શ્રવણ કરી અભીમન્યુ પોતાના ભાગ્યની પરીસીમા સમજવા લાગ્યો. અને આવી સુર સુન્દરી સમાન લાવણ્યવતી આર્ય મહીલાના સ્વામી પદે વીરાજવાનું સદ્ભાગ્ય સંપ્રાપ્ત થએલુ જોઇ પોતાના જન્મને કૃત કૃત્ય માનવા લાગ્યો.

થોડીવાર સુધી બંનેનું દષ્ટોદષ્ટ થયું અને ઉભય પ્રેમ સાગરના નીર્મળ જળમા ડુબી ગયાં. પરંતુ વીર અભિમન્યુએ તુર્તજ એ પ્રેમ મોહીની મત્રને હૃદયમાંથી તીલાંજલી આપી દીધી અને સાવધાન થઇ ગંભીર મુખ મુદ્રા કરી ઓત્રા પ્રત્યે કહેવા લાગ્યો પ્રિયા ! હવે અશ્વની વાગને છોડી ગૃહ તરફ સીધાવો. કારણ કે મને યુદ્ધે જવાનો વિલંબ થાય છે. કૌરવ અરી દળનો ક્ષણ માત્રમાં નાશ કરી દીગ્વીજય કરવાની ઇચ્છાથી હું નીકળ્યો છું માટે મને તમારા નાજુક કમળહસ્ત વડે વીજયમાળ પહેરાવી રણમા જવાની રજા આપો.

ઓત્રા—પિયુ ! જેવી રીતે દુઃખી મનુષ્ય સકટમાંથી વિમુક્ત થવાને કોઇ ધર્માત્માની નમ્રતાથી પ્રાર્થના કરે તેજ પ્રમાણે હું રંક અબળા આપને પાયે પડી વિનવણી કરૂ છું કે યુદ્ધે જવાની ઇચ્છાનો પરિત્યાગ કરો. કે જેથી આ દીનદારાના હૃદયનું શાત્વન થાય !

અભિમન્યુ—અરે ! એ શુ બોલ્યાં ? તમારા જેવાં સુશિક્ષીત ક્ષત્રિય બાળાના મુખમાથી આવાં વચન નીકળતાં જોઇ મને સખેદાશ્ચર્ય થાય છે. આવા સમયે તો તમારે સમરક્ષેત્રમા જવાની ઇચ્છાને અભીવંદન આપી મારા શૌર્યમા વધારો કરવો જોઇએ. પ્રિયા ! વીર ક્ષત્રિયોની રીતિથી તમે સારી રીતે જ્ઞાત છો ! છતાં કયા કારણને અવલંબી મને યુદ્ધમાં જવાની ના કહો છો ?

ઓત્રા—હૃદયમણી ! હજુ તમારી ઉમ્મર બહુ અલ્પ છે. પરણ્યા પછી હસ્તનાં મીંઢળ પણ છુટયાં નથી. હજુ કોઇ દીવસ તમારી આ સુખ-દુખ વિભાગીની સાથે પ્રેમવાર્તાલાપ કર્યો નથી તથા સાથે બેસી કોઇ દિવસ ભોજન લીધા નથી. વળી ગઇ રાત્રે નીદ્રામા મને ઘણાંજે અનિષ્ટ સ્વપ્ન આવ્યા છે કે જેનું સ્મરણ કરતાં નાથ ! મ્હારી છાતી ફાટી જાય છે તેથી આજ હું તમને યુદ્ધે જવા દેવાની નથી.

જો દાસીની વિણવણીનો તિરસ્કાર કરી રથને એક ડગલુ પણ આગળ હાંકશો તો આજ ક્ષણે હુ મારા પ્રાણનો ત્યાગ કરીશ. બસ એજ. એથી વિશેશ ગરીબ અબળા કાઇ કહી શકતી નથી.

અભિમન્યુ—પ્રિયા ! સ્વપ્નની વાત કદી સાચી હોતી નથી. માટે એવી નકામી ચીંતા કરવાનુ કશુ પ્રયોજન નથી. એકંદરે કહેવાનું એટલુંજ કે મને યુદ્ધે જતા રોકવાના તમારા સર્વ પ્રયત્નો નિરર્થક-જ જશે કારણ કે, " બાળ હઠ " અને રાજ હઠની પ્રબલતા ઘણીજ

વિષમ છે અને એ ઉભય હઠો મારા હૃદયમા અસ્તિત્વ ભોગવી રહી છે. તેથી હુ સગ્રામ કરવાના નિશ્ચયનો મરણાન્તે પણ પરિત્યાગ કરનાર નથી માટે ચિતા અને શોકને જલાંજલી આપી મને જલદી રજા આપો. અભિમન્યુના ઉક્ત વચન સાભળી ઓત્રાનાં રક્ત કમળ સમ નેત્રોમાં અશ્રુજળ ભરાઇ આવ્યુ શ્યામણે વદને હૃદયેશના મુખ સામે કાચની પુતળીની માફક જોઈ રહી. કીંચીત્ માત્ર બોલી પુનઃસ્વામીને વીનવવા લાગી.

"વ્હાલા ! રંક અબળા પ્રત્યે આટલા નિષ્ઠુર કેમ બન્યા છો ? લગ્ન થયા પછી મે આપની પાસે કાંઇ પણ માગણી કરેલ નથી તો આટલી પ્રાર્થના તો દયા કરી સ્વીકારો ? ? ? સ્વામી ! છેક નિર્દય ન બનો ! એમ કરવાથી અબળાનું નિર્બળ હૃદય ચુર્ણ વિચુર્ણ થઇ જશે વળી વ્હાલા ! તમારા હૃદયમાં રાજહઠ અને બાળહઠ એમ બે હઠનુ અસ્તિત્વ છે તો મારા હૃદયમા રાજહઠ બાળહઠ અને વધારામાં સ્રીહઠ પણ સમાએલી છે. તેથી હું આપને યુદ્ધે જતા રોકવાના મારા દૃઢ નિશ્ચયમાથી મરણાન્તે પણ ચળવાની નથી. મ્હારી કરૂણાર્દ્ર, દયાજનક અને નમ્ર વિનવણીથી જો આપના હૃદયમાં દયા નહિ પ્રદિપ્ત થાય તો આ નિર્ભાગી નારીનુ મૃત શરીર આપના નયન આગળ ક્ષણ માત્રમાં રજળશે. અર્થાત હું મારી ઉપરોક્ત ત્રણ હઠની સત્તા મ્હારા શરીર ઉપર ચલાવી આ નશ્વર સસારને છોડી દઇશ પછી ભલે ! એ મૃતદેહ ઉપર થઇ રથને દોડાવજો ? વિશેશ શુ કહું ?

અભિમન્યુ—વ્હાલી ? કાયર નર નારીઓની માફક આત્મ હત્યા કરવાનું તમારા મુખથી શ્રવણ કરી મ્હારા હૃદયમાં ક્રોધનો આવિર્ભાવ થાય છે. તમારા જેવી વીર નારીના મુખમાંથી એ વચન

નીકળે એ તમારી વીર પ્રસીવની માતાને માટે ખરેખર કલંકદાયક છે. જેમ હવાને પકડી શકાય નહી. ગગન અને ધરાદેવીએ ઉભયની વચ્ચે મહેલ બાંધી શકાય નહી સૂર્યચંદ્રને ઝાલી શકાય નહિ. રામબાણને અટકાવી શકાય નહી અને સત્યભાષી હરિશ્ચંદ્રનો અચલટેક છોડાવી શકાય નહિ તેમ મારા આજના નિશ્ચયને શત કોટી ઉપાય કર્યાં છતાં ફેરવી શકાય તેમ નથી. પ્રિયા ! તમને હું મારા મનથી " સર્વસ્વ " લેખું છું અને તમારી કોઇપણ પ્રકારની માગણીને સ્વીકારવી એજ મારા હૃદયને પ્રિય છે, તથાપિ આ માગણી મ્હારાથી માન્ય થઇ શકતી નથી અને તેને માટે મ્હારા અંતઃકરણમાં ખરેખર દુઃખ થાય છે. યુદ્ધ પ્રયાણાર્થે ગૃહમાંથી નીકળતા પહેલાં જો મને તમારૂ મુખ દર્શન થયું હોત અને મને રોકવાની ઇચ્છા દર્શાવી હોત તો હું અવશ્ય તમારી વિનવણીનો સ્વીકાર કરત. પરંતુ દુર્દૈવ વશાત્ તેમ બની શકયુ નથી તેથી તમારૂ કલ્પાંત સર્વથા નિરર્થકજ છે. માટે રાજીખુશીથી ગૃહ તરફ સીધાવો.

ઓત્રા—વ્હાલા ! આપને વહેલી વહેલી આવી મળવાના કારણથી વૈરાટનગરીમાંથી નીકળતી વખતે મેં ઘણીજ ઉતાવળ કરી હતી વધારે તો શુ કહું ? પણ મ્હારી જન્મદાત્રી માતાની સાથે એક ક્ષણને માટે વાત કરવાને પણ હું ઉભી રહી નથી. તથાપિ હાય ! દુર્દૈવ ? રસ્તામાં આકસ્મિક અનેક વિઘ્ન નડયા કે જેના યોગે આવી પહોંચતાં મોડું થયુ એ મ્હારા લલાટના વાંક નહિ તો બીજું શુ ? નેત્રમણી ? શું ત્યારે કોઇ ઉપાયે નહિજ પાછા વળો ? દાસીને તરછોડી ચાલ્યાજ જવુ છે ?

અભિમન્યુ—બસ કરો ? કુમારી ? તમારૂં હૃદયભેદક કલ્પાંત

મને રોમાંચિત કરી નાખે છે જો તમે મારૂ હિત ઇચ્છતાં હોવ, મારૂં પ્રિય કરવાની ઇચ્છા રાખતાં હોવ, અને ઇતિહાસનાં પૃષ્ટોપર વિખ્યાત થએલી પ્રાચીન સતી સ્ત્રીઓના ધર્મ પ્રમાણે વર્તન રાખવાની આ-કાંક્ષા રાખતા હોવ તો મને પ્રફુલિત વદને રજા આપો ? પ્રિયતમા ? તમે સૂજ્ઞ થઇ કેમ સમજતાં નથી ? હું આ વખતે યુધ્ધે ચઢેલો ગૃહ તરફ વળું તો લોકો મને શુ કહે ? શુ મને સૃષ્ટિમાં કાયરના નામથી ઓળખાવવો છે ? અને તેની સાથે તમે પણ શુ એક કાયર પુરૂષની સ્ત્રી તરીકે ઓળખાવામાં વિશેષ ગૌરવ માનો છો ? વળી શું મારા રણધીર પિતા અરજુનને માથે કલંક ચઢાવવું છે ? શું મ્હારી વિર પ્રસવીની માતા સુભદ્રાને લજાયમાન કરાવવી છે ? પૃથ્વીના સર્વ ભાગમાં જેમની વીરહાક વાગી રહી છે, એવા પાંડવોના કુલમાં " એક કાયર પુત્ર થઇ ગયો હતો. એવી કુલ કલંકિત લોકોક્તિ શું તમારે શ્રવણ કરાવવી છે ? વ્હાલી ! વીરમાતાપિતાના કુળમા જન્મ ધારણ કરવા છતાં મોહ માયામાં કેમ મુગ્ધ થઈ ગયા છો ? મ્હારા પ્રાણ ! ક્ષત્રીઓની રીતિ એવી છે કે તેઓ મરણને પ્રેમથી આલીંગન આપે છે પરન્તુ માનહીન-કીર્તિહીન થઇ જીવનને કદી ધારણ કરી શકતા નથી. એવા માનભ્રષ્ટ જીવન અને મરણ વચ્ચે વિર ક્ષત્રીઓ લેશ માત્ર અંતર લેખતા નથી.

હવે ઓત્રાના મનથી નિશ્ચય થયું કે સ્વામી કોઇ પ્રકારે પાછા વળી શકે તેમ નથી તેનું કોમળ હૃદય ઘણુંજ ગભરાવા લાગ્યું નેત્ર-માંથી ચોધારે જળ ચાલવા લાગ્યું. અહા ! આવા કરૂણાજનક દેખાવથી કયા પુરૂષનું હૃદય પીગળ્યા વિના રહે ?

ધીમે ધીમે સૂર્ય દેવતા પોતાનાં પ્રચંડ કીર્ણો વડે ભૂમિને સંતપ્ત

બનાવવા લાગ્યા. અને કુરૂક્ષેત્રમાં રણુ વાધંત્રાનો ગગન ભેદક ધ્વની શરૂ થયો. જેમ મદીરા પીને મસ્ત થએલો પ્રચંડ હસ્તિ ભયંકરતા ધારણુ કરે તેવીજ રીતે યુદ્ધ વાજીંત્રને ધ્વની કર્ણ ગોચર થવાથી અભિમન્યુ શૌર્ય મસ્તીમાં ડોલવા લાગ્યો. વદન કમળમા કેસરી, સીંહ સમાન પ્રચડતા વ્યાપ્ત થઇ ગઇ, અને કયારે રણુમાં જઇ દિવ્ય ધનુ-ષ્ય ટંકાર વડે કૌરવોના કાળજાં વિંધી નાખું ? એવો મનોભાવ મુખ મંડળ ઉપર સ્પષ્ટ રીતે જણાવા લાગ્યો. શૌર્ય ચડેલું હોવાથી નેત્ર રક્તવર્ણમય બની ગયા. ભવ્ય તેજસ્વી લલાટ પ્રસ્વેદ જળથી ભીંજાવા લાગ્યુ અર્થાત એકદરે આખુ અગ સમર ભૂમિ તરફ ખેંચાવા લાગ્યું. અહા ! બધુઓ ! સાપ્રત કાળમાં એ તેજસ્વીતા, એ વિરતા, એ ઐશ્વર્યતા, અને એ કર્તવ્ય નિષ્ટતાનો કેમ સર્વથા લોપ થયેલો લાગે છે ? એ સમયનુ સત્યનૈદિક જ્ઞાન, ઐકયતા, પરોપકાર શીલતા અને સ્વધર્મ નિષ્ટતા વિગેરે ઉન્નતીના માર્ગમા લઇ જનાર સૂત્રો હાલ કયાં દ્રષ્ટિ ગોચર થાય છે ? જયા સુધી ભારત માતાનું હિત ઇચ્છનાર સપુત્રો બાળલગ્ન, કન્યાવિક્રય, કજોડા કુસપ ઇત્યાદિ દુર્ગુણોને દેશ નિકાલ નહિ કરી શકે ત્યા સુધી દેશને સપુર્ણ ઉન્નત દશામાં લાવવાના તેમના પ્રયાસોમા અનેક મુસ્કેલીઓ નડશે ! અસ્તુઃ

ચાલો બંધુઓ ! આપણે આપણી રસીક વાર્તા તરફ નજર કરો !

ચતુર ઓત્રા, અભિમન્યુનો આવેશ, શૌર્ય અને વજ્ર સમાન દ્રઢ નિશ્ચય અને સઘળું સપુર્ણપણે પામી ગઇ. અને તેથી જોયું કે સ્વામી કોટી પ્રયાસે પાછા તો નહિજ વળે ! તેથી દિન વાણીથી એક નવીન પ્રકારની પ્રાર્થના કરવા લાગી.

"ત્યારે હૃદયેશ્વર ! ગૃહ તરફ રથ ફેરવવાની મારી એક પણ

વીનંતી ન સાંભળો તો મને યુદ્ધમા સાથે લ્યો ! કેમકે મને રણક્ષેત્ર જોવાનો ઘણોજ ઉમંગ છે.

પ્રિયતમ ! શુ તમે મને કાયર ધારો છો ? મ્હારા મુખમાંથી જે ભીરૂતા ભરેલાં વચનો નીકળી ગયાં તે ઉપરથી મને તેવી ન ધારી લેશો મ્હારા નાથ ! એ વચનો મે એક જુદા ઉદ્દેશથીજ ઉચ્ચાર્યા હતાં. વ્હાલા ! અબળાનુ હૃદય ઘણુ નરમ હોય છે. ગઇ રાત્રે મને અમંગલ સ્વપ્નાં આવ્યાં તેને લીધેજ મે આપને રોકવાને આ સર્વ પ્રયત્નો કર્યા. પરંતુ હાય ! તે યત્નો નિરાશાના રૂપમા ફેરવાઇ ગયા ! ખરે ! ભાગ્ય દેવીપર આધાર રાખી મારે લાચારીથી હૃદયમાં કઠીણતાને સ્થાન આપવુ પડે છે. પણ મ્હારા નેત્રના અધાર ! આ છેલ્લી વિનતીનો સ્વીકાર કરો ! હુ આપના પરાક્રમી પિતા અર્જુન પાસે યુદ્ધ કળા શીખી છુ. આજે તે દાખવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે, તેમજ તિક્ષ્ણ બાણો વડે ક્રુર કૌરવોનાં કાળજા વિંધી નાખવાનો અપ્રાપ્ય અવસર આજ અનાયાસે મને આવી મળ્યો છે. વળી શાસ્ત્રોક્ત રીતે જોતાં મારી આ વીનતી વ્યાજબી છે. કારણ કે પત્ની જ્યારથી લગ્ન મંડપમાં પતિનો હસ્ત ગ્રહણ કરે છે ત્યારથી જીંદગીની છેલ્લી ઘડી સુધી તે તેની સખ દુઃખની સમાન ભાગીદાર લેખાય છે. તો નાથ ? કૃપા કરી મારો યુદ્ધ જોવાનો કોડ પુરો કરો. વ્હાલા ! જો નકાર રૂપી શબ્દશરનોજ ઉપયોગ કરવાની ઇચ્છા હોય તો પ્રથમથીજ આ કટારી વડે મ્હારા હૃદયને ચીરી નાખો બસ ! નાથ !! હવે એથી વિશેષ બોલી શકતી નથી ॥

પ્રકરણ ૪ થું.

પરંતુ રણવાદ્યના પ્રચંડ ધ્વનીને લીધે ઓત્રાની એ કરૂણાજનક વિનવણી અભીમન્યુના કર્ણમાં પ્રવેશ કરી શકી નહિ તેમજ તેનું શરીરપણ શૌર્ય રંગથી પરીપુર્ણ રંગાઇ ગયું હતું. જેમ કોઇ પતિપ્રાણા પ્રમદાને પોતાના પ્રિય પ્રાણનાથનું સ્વર્ગ ગમન થવાથી સતી થવાને માટે જેવો ઉમંગ થાય અને જે વિલક્ષણ તેજનો આવિર્ભાવ જણાય, તેવુંજ તેજ અત્યારે અભીમન્યુના વદનપર જણાવા લાગ્યુ. તેણે અશ્વને જોરથી એક ચાબુકનો પ્રહાર કર્યો અને તેની સાથેજ પવનવેગી ઘોડા રણક્ષેત્ર તરફ દોડયા. સ્વલ્પ સમયમાંજ અભીમન્યુ પ્રબળ શત્રુ દળ સમીપ આવી ઉપસ્થિત થયો.

આ તરફ ઓત્રા જેમ વાવાઝોડાથી કેળની દશા થાય તેમ ધરણીપર ઢળી પડી અને અતી કરૂણાજનક સ્વર વડે તે આક્રંદ કરવા લાગી.

લલીત છંદ.

અરર ઓ પતિ ક્રૂર કાં થયા, ચરણ ઠોકરી છોડી શું ગયા !
હૃદય માહરૂં ફાટી જાય છે, પ્રિયુ પ્રકોપથી જીવ રૂંધાય છે;
લઇ ગયા નહિ કેમ સાથમાં, નવ જણાયરે કોઇ ઓથમાં,
પ્રબળ શત્રુ છે નાથ શું થશે, સહુ જણા મળી બાણ ફેંકશે.
અરર એકલા કયમ જવાય રે, કયમ મદદ વિના અરિજીતાયરે,
સબળ સૈન્યરે કૌરવો તણું, કપટ યત્રમાં કુશળ છે ઘણું;
નવ ધરી દીલે વાત માહરી, ગરીબ નારીની નવ દયા ધરી,
તમ વિના પ્રભુ શુ હવે કરૂ ! ઝહર ખાઉં કે છરી થકી મરૂ.

આવી રીતે ધણીવાર સુધી કરૂણાજનક વિલાપ કર્યો અને છેવટે હૃદયમાં અનિવાર્ય આવેશ આવવાથી એકદમ પોતાની પાસે રાખેલી કટારી કાળજામાં ભોકવા જાય છે એટલામાં ભીમસેનને પુત્ર ગટોરગચ્છ ત્યાં આવી પહોંચ્યો અને તેણે ઝડપથી ઓત્રાનો હાથ પકડી લીધો.

ગટોરગચ્છ— ક્ષત્રી કલંક.

ભાભી આ શુ આદર્યું છે તમે કામ, હિંમત કેમ હારી ગયાંરે.
કેમ ધરી છે કટારી કર આમ; હિંમત.
કેમ ખોઇ દીધો ક્ષત્રી કેરો ધર્મ, હિંમત.
આ તો કાયર તણું દીસે છે કર્મ. હિંમત.
તમ વિર તાત વૈરાટ લજાય, હિંમત.
એમાં ક્ષત્રિયોની નામોશી ગણાય; હિંમત.
બિક રાખશો તમે ન રતીભાર, હિંમત.
જાઉં ભ્રાત તણી મદદે આવાર. હિંમત.

ભાભી ! આ શુ ! આ કાર્ય ક્ષત્રિય બાળાને ઉચિત છે ! તમે કોઇ વાતે ગભરાશો નહિ. એ દુષ્ટ કૌરવોના શા ભાર છે ! અમે બન્ને ભ્રાત મળી એક પળ માત્રમાં એ નિર્બળ કૌરવોનો સંહાર કરીશું. માટે તમે હૃદયમાં ધૈર્યને સ્થાન આપો અને આનંદથી ઘેર જાઓ.

એવી રીતે અનેક ધૈર્ય વચનો કહી વિર ગટોરગચ્છે ઓત્રાના મનનું શાંત્વન કર્યું અને ગૃહ તરફ વિદાય કીધી તથા પોતે એકદમ સિંહ સમાન ભયંકર ગર્જના કરી અભીમન્યુની પાસે જઇ પહોંચ્યો. પરંતુ બંધુઓ ! દૈવગતિ વિચિત્ર છે. અભિમન્યુના મુસ્તકપર મૃત્યુચક્ર ભ્રમણ કરી રહેલુ હોવાથી તેણે પોતાના વિરભ્રાતનો ગર્વિષ્ટ પણે

તીરસ્કાર કર્યો તેમજ બીજાં અભીમાન ભરેલા અનેક વચનો કહ્યાં કે જેના યોગે ગટોરગચ્છને ઘણું માઠું લાગ્યુ. બંન્ને ભ્રાતાઓની વચ્ચે વૈરનું બીજારો પણ થયુ અને અતે તે અભીમન્યુનો પક્ષ છોડી ચાલ્યો ગયો. અહા ? બધુઓ ! અભીમાનથી કેવાં માઠા પરિણામ નીપજે છે તેનો આપને આ ઉપરથી ખ્યાલ આવી શકશે.

છપ્પો.

કરે ગર્વનર જેહ અતિ પસ્તાવો પામે,
અર્ધીક થાય નુકશાન દુખ અંતરમાં જામે.
કરે ગર્વ નર જેહ પ્રતિષ્ટા ત્રિણ તે ફ શે,
ભલે હોય ધન ખુબ કમોતે નક્કી મરશે.
ગર્વ કર્યાથી બધુઓ ગવણ શુ સુખીયો થયો !
" મણી " કહે અભીમાનીનો અવતાર એળે ગયો.

માટે હે પ્રિય આર્ય ભ્રાતાઓ ! નમ્રતા એજ સુખનું ઉત્પાદક છે. નમ્રતાને ધારણ કરવાથી શત્રુ પણ મિત્ર બની જાય છે, અને અભીમાનથી મિત્ર હોયતે પણ શત્રુના રૂપમાં ફેરવાઇ જાય છે, અસ્તુ ચાલો બંધુઓ ! હવે આપ ભયકર રણક્ષેત્ર તરફ આપની કલ્પના દ્રષ્ટિ ગોઠવો.

જેના અવાજથી બ્રહ્માંડપણ ખળભળી ઉઠે એવા ગગન વેધ ધનુષના ટકાર થઇ રહ્યા છે ચપળા સમાન ચળકાટ કરતી તરવારો યોદ્ધાઓના હાથમા નૃત્ય કરી રહી છે. કોઇ કોઇ સૈનિકો એક બીજા સાથે ગદાયુદ્ધ ચલાવી રહ્યા છે, એવી રીતે જેને જોતા કાયર નરની છાતી પણ ફાટી જાય એવુ દારૂણ યુદ્ધ ચાલી રહ્યું છે.

અભીમન્યુ એક ખરો ક્ષત્રિય વીર હતો. તેણે અલ્પ કાળમાં પોતાનાં તિક્ષણબાણો વડે કૌરવ પક્ષના ઘણા સૈનિકોને યમ સદનમાં પહોચાડી દીધા. અભીમન્યુની આકૃતી તેના યુદ્ધ કળા કુશળ પિતા અર્જુનના જેવીજ હતી તેથી કેટલાક કૌરવો તો તેનું યુદ્ધ રંગથી રંગાએલુ સૂર્ય સમાન તેજસ્વી મુખ દેખીનેજ પાછા પગે સમરભૂમીનો ત્યાગ કરી જતા હતા. અહા ? અભીમન્યુ ! ધન્ય છે ત્હારી વિરતાને, અને ધન્ય છે ત્હારા માતપિતાને કે જેમના ગૃહ વિષે તારા જેવું ક્ષત્રિય કુળ.દિપક રત્ન સંપ્રાપ્ત થયુ.

અભીમન્યુંની વય અલ્પ છે છતા જેમ અગ્નીની એક નાની ચીણગારી પ્રચડ ઘાસની ગજીને ભસ્મીભૂત કરી નાખે. દિપકની જયોત નાની હોવા છતાં નાબીડ અંધકારનો નાશ કરી દે, અને અરણ્યમાં નિષ્કંટક અમન ચલાવનાર મૃગરાજ કેસરી પોતાની એક ગર્જના માત્રથી જેમ અસંખ્ય શૃગાલોમાં ખળભળાટ મચાવી મુકે, તેવીજ રીતે તે એકલો હોવા છતા પ્રબળ અરિદળમા હાહાકાર વર્તાવી રહ્યો છે ! ધન્ય તેની યુદ્ધકળાને ! અને ધન્ય છે તેના પરાક્રમને ! ! !

એમ બળિષ્ટ શત્રુઓમાં દિગ્વીજય કરતો, કૈકને ઘાયલ કરતો, અને કૈકને અશ્વરથ સહિત ઉડાડી મુકતો વીર અભીમન્યુ સપ્તમા કાઠામાં આવી પહોંચ્યો.

પ્રકરણ ૫ મું.

પ્રિય ! વાંચકો ! અભીમન્યુ છ કોઠા સુધીની વિદ્યા શીખેલ છે, માત્ર સાતમા કોઠાથી અજ્ઞાત છે. એ આપ જાણતા હશો.

જેવી રીતે નિર્જનવનમાં માર્ગ ભૂલેલા ધનપતિ યા ભૂપતિને પોતાની પાસે સત્તા અને સામર્થ્ય હોવા છતાં પણ કાંઇ સુઝ પડી શકે નહિ; ગુજરાતી, ફારસી, ઉર્દુ વિગેરે ભાષાઓમાં પ્રવિણતા ધરાવનારથી પણ સંસ્કૃતવિદ્યા ન જાણતો હોવાથી તે ભાષામાં લખાએલ પત્ર વાંચી શકાય નહિ અને ભીમસેન સમાન બાહુ બળીયાથી પણ શરસંધાનની કળા ન શીખેલો હોવાથી જેમ ધનુષ્યને ધારણ કરી શકાય નહિ, તેવી રીતે ઘડી પહેલા શત્રુઓમાં હાહાકાર વર્તાવતો, સમર્થ મહારથીઓને પણ ત્રાસ પમાડતો, અને વિદ્યુત સમાન નેત્રના તેજ વડે અનેક સૈનિકોનાં હૃદયમાં ઉલ્કાપાત મચાવી મુકતો તે વિર અભીમન્યુ આ વખતે શૌર્યહિન કળાહિન અને તેજહિન એવા એક સામાન્ય મનુષ્યની માફક મુઝાવા લાગ્યો.

ભાનુ જેમ અભ્રાચ્છાદિત થાય, ધનિક દ્રવ્ય હિન થાય, પ્રમદા પતિ વીયોગી થાય, સૈનિક શસ્ત્ર રહિત થાય, વિંછી ડંખ રહિત થાય અને નૃપ ઐશ્વર્ય વિહિન થાય ત્યારે એ સર્વનીપૂર્વતત્ સ્થીતિમાં જે ફેરફાર જણાય તેવુંજ સ્થિત્યંતર અભીમન્યુમાં પણ જણાવા લાગ્યું. વિશાળ સાગરમાં તોફાને ચઢેલી નાવિકા જેમ અન્ય નાવિકાની મદદની ઈચ્છા કરે તેમ તેને પણ થયુ. પરંતુ હાય! દુર્દૈવ ! ! ! તેના ખીલતા કુસુમ સમાન અંગનુ રક્ષણ કરવા તે વેળા કોઇ આવી પહોંચ્યુ નહિ.[1] વીર બાળક જેમ જેમ વધારે ગભરાતો ગયો તેમ તેમ શત્રુઓ એકત્ર

મળી તેના પર અપાર બાણ વૃષ્ટિ કરવા લાગ્યા. અને છેવટે હે વાંચક બંધુ ! ત્હારી, આ લેખકની, તેમજ શત્રુની આંખમા પણ અશ્રુબિન્દુનો પ્રવાહ વહી નીકળે તેવો બનાવ બન્યો. ઓત્રાનો પ્રાણાધાર, સુભદ્રાનો જીવન આધાર, અર્જુનનો હૃદયાધાર, અને પ્રાણીમાત્રને જેનુ ગૌરવદન કમળ નીરખતાં વ્હાલ ઉપજે એવા-કરણ, દુર્યોધન, દ્રોણ, ભિષ્મ વિગેરે અનેક અજેય યોદ્ધાઓની સાથે પણ નીડર પણે યુદ્ધ કરનાર વિર શિરોમણી અભિમન્યુ આ નશ્વર સસાર છોડી સ્વર્ગ લોકની સુર-બાળાઓમાં નિવાસ કરવા ચાલ્યો ગયો.

વાંચક બંધુઓ ! એવા એવા મહારથીને પણ એક દિવસ કાળને શરણ થઇ ભયંકર અગ્નીમાં શયન કરવું પડે છે. તો આપણે આ નશ્વર દેહને માટે શીદને ગર્વ કરવો ! વિક્રાળ કાળનુ તેડું આવતાં, જેમ સુકાએલા પીંપળાનાં પાંદડા ખરી પડે તેમ પટોપટ ચાલ્યા જવુ છે. અને અંતે પુણ્ય અને પાપ એ બેજ જીવનના ખરા મિત્ર થાય છે. અસ્તુઃ અભિમન્યુ પ્રાણ રહિત થવાથી જેવો આનદ પોતાની સન્મુખ આવેલો વ્યાઘ્ર અચાનક અદ્રસ્ય થવાથી બકરાંના સમુદાયને થાય તેવો આનદ કૌરવો પણ અનુભવવા લાગ્યા. અને તુર્ત તેમણે વિજય સૂચક જયઘોષ શરૂ કર્યો. જોતજોતામા એ હૃદયભેદક વર્તમાન પાંડવોના કર્ણપર પડયા.

કોઇ નરમ વસ્તુપર વજ્રનો આઘાત થવાથી, કોમળ સુમન પર પ્રચંડ રવિકિર્ણો પડવાથી અને સુકાએલા કાષ્ટ પર કુહાડીના પ્રહાર

---

૧ ભીમસેને સપ્તમા કોઠામાં વિજય કરવાનું કબુલ કર્યું હતું. પણ દુર્ભાગ્યશાત્ તે વખતે તેનો મદોન્મત હસ્તિ ગાંડો થઈ જવાથી પુરમા હાહાકાર થવા લાગ્યો. અને લોકો અકારણ મર્ણને શરણ થવા લાગય. તેથી ભીમસેન તેને પકડવામાં રોકાઇ ગયો હતો

થવાથી તેઓ જેવી દશાને પ્રાપ્ત થાય તેથી પણ અધીક દયાજનક સ્થિતિ અભિમન્યુનાં આપ્ત જનની થઇ ગઇ. તેમના પાષાણ ભેદી રૂદનનુ વર્ણન કરવા ત્રીમુખી બ્રહ્મ અને સહસ્ત્રમુખી શેષ પણ શક્તિ માન થઇ શકે કે નહિ તેની શંકાજ છે તો બધુઓ! હું એક મુખવાલો મનુષ્ય શુ વર્ણવી શકું ?

ઓત્રા સુભદ્રા, કુંતા, સતિ દ્રૌપદી, તેમજ ધર્મ ભીમ અર્જુન, સહેદેવ, નિકુળ, અને ગટોરગચ્છ એઓના ઉપર જાણે એકાએક વિધુત્પતન ન થયુ હોય' તેમ સર્વ જણ ધર્ણી પર ઢળી પડયાં અને સર્વ ચૈતન્યહિન થઇ ગયાં.

જેવી રીતે અસાધ્ય દર્દનું, વહેમનુ, મૂર્ખાઇનું, જડ ઘાલી બેઠેલી ખરાબ ટેવનું, કૃષ્ણરંગી કોલસાને શ્વેત કરવાનું તથા તુટેલા મોતીને સાંધવાનું ઔષધ મળે નહિ તેમ પાંડવોના કુંટુંબને પણ અભિમન્યુ જેવા પરાક્રમી, કુળ દિપક અને પ્રાણથી પણ વહાલા પુત્રના અમરલોક ગમનના અતી તીવ્ર દુઃખાઘાતને લીધે તેમની ચૈતન્ય વિહિન દશામાંથી વિમુક્ત કરવા કોઇ શક્તિમાન થઇ શકયુ નહિ.

નરાધમ કૌરવોને તો એટલાનીજ જરૂર હતી, પરંતુ દુષ્ટ ને કદી સુખી થવાનો સમય આવતોજ નથી. એવા કપટી જનોની આખી જીંદગી કપટ યંત્રો ઘડવામાં અને ભાગવામાંજ પરિપુર્ણ થઇ જાય છે. અને છેવટે યમકિંકરનું અણ ચિંતવ્યુ આગમન થતા પોતાનાં પાપ કર્મોની બરાબર ગાંસડી બાંધી પરલોકમાં તેનું ફળ ભોગવવા ચાલ્યા જાય છે. એવી રીતે એવા નર પીશાચોના એકને બદલે બે ભવ ખરાબ થાય છે.

બંધુઓ ! જેવી રીતે પારસમણીના સ્પર્શથી કથીર પણ કાંચનના

રૂપમાં ફેરવાઇ જાય, સત્સંગ સમાગમથી પાપીનો પણ ઉદય થાય અને કુદરતની કૃપા હોયતો પ્રાણ રહિત પણ સજીવન થઇ જાય એ પ્રમાણે પ્રાતઃસ્મર્ણીય શ્રીકૃષ્ણના અદ્દ્ભુત પ્રયોગ પ્રભાવ વડે ભૂમિને શરણે પડેલ પાંડવ કુટુંબ એકદમ બેઠું થયુ અને કૃષ્ણની આગળ ધ્વીહસ્ત જોડી હૃદય ફાટ રૂદન કરવા માડયુ. અર્જુનજીએ પોતાનાં ધનુષ્ય બાણ આદિ શસ્ત્રોનો ત્યાગ કર્યો અને જાણે આ અસાર સંસારને છોડી કાષાય વસ્ત્ર પરિધાન કરવાની ઇચ્છા થઇ હોય તેમ કૃષ્ણ પ્રભુ સન્મુખ અતી દયામણે વદને ઉભા રહ્યા.

અર્જુનને આવી રીતે વૈરાગ શીલ વૃત્તિ વાળો થએલો નીરખી શ્રીકૃષ્ણે ગભીર મુખ મુદ્રા કરી નીચેનાં વચનો તેની પ્રતિ કહ્યાં.

હે અર્જુન ! તને આ અવિનશ્વર અને સ્વાર્થમય જગતની જંજાળનો મોહ શાથી લાગ્યો છે ! એ હું સમજી શકતો નથી. હે પાર્થ ! તું તારાં ધનુષ્ય બાણને ધારણ કર ! અને સંસારની અસારતાનો એક ચિત્તે ખ્યાલ કર ! ! !

અર્જુન—હે દયાસિંધુ ! જેમ સર્પમણિ રહિત થયો હોય, તેમ પ્રિય પુત્રના મરણથી હવે મને સંસાર વિષ સમાન લાગે છે. ધનુષ્ય ધારણ કરવા તરફ ઉત્સાહ નથી. રાજ્ય વૈભવની વાંચ્છના નથી તથા સાંસારીક કઇ પણ વસ્તુમાં અનુરાગ નથી માત્ર “મરણ” એજ મારે માટે શાતિનુ સાધન છે. મરણ શિવાય અવર સાધન મારા હૃદયમાં પ્રજ્વલીત થએલ પ્રબળ શોકાગ્નિને બુઝાવી શકે એમ નથી.

કૃષ્ણ[1] હે અર્જુન ! જે મનુષ્યને રાગ, દ્વેષ, કામ, ક્રોધ આદિ

---

૧. અર્જુનનો આવો નિરાશા સુચક ઉત્તર સાભળી શ્રીકૃષ્ણ તેને નીચે મુજબ બોધ કરવા લાગ્યા.

વિકારો વ્યથા કરી શકતા નથી સુખ દુઃખને જે સમાન લેખે છે. તેને જીતેન્દ્રીય સમજવો. એવા પુરૂષો વિષય વિકારોથી પરાભવ ન પામતાં અક્ષય અને અવિચળ સુખને સપાદન કરી શકે છે.

*   *   *   *   *

મરણને માટે શોક કરવો એ સજ્ઞ જનોને યોગ્ય નથી કારણ કે જેવી રીતે મનુષ્ય જીર્ણ વસ્ત્રોને બદલી નુતન વસ્ત્ર પરિધાન કરે છે તેવીજ રીતે આત્મા પણ કર્મ આધિન રહેલા જીર્ણ શરીરનો પરિત્યાગ કરી અન્ય નામવાળા શરીરમાં નિવાસ કરે છે. એટલે કે જડ ચૈતન્ય (શરીર અને આત્મા) નો જ્યાં સુધી સબધ હોય છે ત્યાં સુધી ભેગાં રહે છે. અને સંબધ પુરો થયે આત્મા એ ચૈતન્ય રહિત જડ શરીરનો ત્યાગ કરી બીજા કર્માધિન શરીરમા પ્રવેશ કરે છે. માટે સર્વથા કર્મનેજ આધીન રહેલા એવા જીર્ણ શરીરો માટે શાદને શોક કરવો ?

જેમ સૂર્ય પ્રકાશમાં દિપકની આવશ્યકતા નથી તેમ સ્વજનને સંતોષ આપી નીતિને રસ્તે ચાલનાર નરને વિરક્ત બનવાની જરૂર નથી.

હે ! અર્જુન ! મનુષ્ય દેહ મહામોઘો છે. માટે તેને એળે ન ગાળતાં ફરજ બજાવી જીવનનુ સાર્થક કરવુ. કારણકે મોહમાયા સ્વપ્નના સુખ સમાન જુઠા છે. અર્જુન ! જે સત્ય વસ્તુ હોય છે તે સદાની સાથી થાય છે, દુઃખમા દિલાસારૂપ છે. અને હૃદયમા અવિચળ આનંદનુ આરોપણ કરે છે.

બુદ્ધિમાન પુરૂષો સસારની અનિત્ય મોહમય જંજાળમા ઝાઝી પ્રવૃત્તિ રાખતા નથી, કારણકે અતની ઘડીએ એ જુઠી જંજાળ અળગી રહે છે.

હે અર્જુન ! જેમ ચંદ્ર વાદળામાં ઘેરાઇ જાય છે તેમ ।મનુષ્ય મોહ પ્રબદ્ધ થવાથી બુદ્ધિહિન થઇ જાય છે.

સ્ત્રી, પુત્ર, મ તા, ભગીની, સ્નેહીજનો ઇત્યાદિ સર્વ પોત પો· તાનો સંબંધ પુરો થયે વિખુટા થઇ ચાલ્યા જાય છે.

મનુષ્યનુ ધાર્યું કશુ બનતું નથી. જો બનતું હોયતો અવની પ્રકાશકના દિવ્ય પ્રકાશમાં સર્વ મનુષ્યો દેખી શકે છે અને માત્ર ઘુવડ શા માટે ન જોઇ શકે ? વસંતરૂતુમાં સર્વ વૃક્ષો નુતન પલ્લવ ધારણ કરે છે ત્યારે માત્ર કરીર નામના વૃક્ષને શા માટે પલ્લવ નથી આવતાં ! તેમજ વૃષ્ટિધારાનો ઉપયોગ પ્રાણી માત્ર કરે છે ત્યારે બીચારૂં ચાતક પક્ષી શા માટે બેનશીબ રહે છે ?

જેઓ રાગી છતાં વિરાગી છે, અર્થાત્ સંસાર ધારી છતાં રાગ દ્વેષ રહિત જીવનક્ષેપ કરે છે. તેઓ પુજનને પાત્ર છે.

પોતાના આધારવડે જીવતાં કુટુંબનાં માણસોને દુઃખના દરિયા· માં હડસેલી તેમની અનુમતિ વિના જે વૈરાગ્ય ધારણ કરે છે તેને ફળ સિદ્ધિ કદી થતી નથી એટલુજ નહિ પણ ઉલટો પાપ કર્મનો ભાગી થાય છે.

માતા પિતા અને કુટુંબીઓને સંતોષવા, પ્રાણી માત્રપર દયા રાખવી, નિતિના સુખમય પથે ચાલવુ અને ઇંદ્રિય નિગ્રહ કરવો. ઇત્યાદી સુત્રોને લક્ષમાં રાખી જે પુરૂષ પ્રભુ ભજન કરે છે તે સંસા- રમાં રહેવા છતા મોક્ષનો અધીકાર પ્રાપ્ત કરી શકે છે.

કોઇ પણ મનુષ્યની તેમાં વિશેષે કરી સ્વજનની લાગણી દુભાવવા સમાન બીજું એકે પાપ નથી. માટે પ્રથમ સ્વજનને સતોષ આપવો એ પ્રત્યેક જનતું પ્રધાન કર્તવ્ય છે. તો હે અર્જુન ! તુ પણ તારા

દુઃખના દાવાનળમાં પડેલાં માત ભ્રાત વિગેરેને સુખી કરવા માટે શત્રુ સાથે યુદ્ધ કર !

વળી જો અત્યારે તું યુદ્ધ આરંભ કરવામાં વિલંબ કરીશ તો શત્રુઓ તને "કાયર" ના ઉપનામથી સંબોધી તારા કુટુંબ પર દુઃખની મુશળધાર વૃષ્ટિ કરવામાં જરા પણ બાકી રાખશે નહિ માટે એકદમ શસ્ત્ર ગ્રહણ કર ! ! !

પ્રકરણ ૬ ઠું.

વાંચક બંધુઓ ! અભિમન્યુનું સ્વર્ગગમન થવાથી દુર્યોધનના કલ્પના યંત્રમાં કેવા પ્રકારના તરંગ ઉછળી રહ્યા છે. તેનુ આપણે અવલોકન કરવાની જરૂર છે. તો કૃપા કરી ચાલો ! તેના તંબુમાં જે વાર્તાધ્વની સંભળાય તે શાંતિ પુર્વક શ્રવણ કરો ?

પ્રભાત સમયની મંદ પવન લહરીઓ પ્રાણી માત્રને આનંદનો અનુભવ કરાવી રહી છે, છત્રપતિ દુર્યોધનના તંબુમાં અત્યારે ભાનુમતી ચિંતાતુર વદને બેઠેલી છે.

અહા ! છત્રપતિ દુર્યોધન જેવા સાર્વભૌમ નૃપની સ્ત્રીને પણ ચિંતા ? બંધુઓ ! વિસ્મય પામશો નહિ. જે પ્રમદાનું દુરાચારી અને ગર્વી પુરૂષના સાથે પાણી ગ્રહણ થયુ હોય તેને શાંતિનું સ્વપ્ન પણ હોતું નથી. એ કથનાનુસાર ભાનુમતી પણ સ્વામીના ભાવી અનીષ્ટ પરીણામ સંબંધી વિચાર કરી રહી છે

એક બાજુએ દુર્યોધન "પાંડવોને ફરી વનમાં હાંકી મુકવાના,

નિષ્કંટકપણે હસ્તીનાપુરનું રાજ્ય લાંબી મુદત સુધી ભોગવવાના અને એવાજ બીજા અનેક કાલ્પનિક હવાઇ કિલ્લા બાંધતો બેસી રહ્યો છે. એટલામાં તેની નજર પોતાની સ્ત્રી ભાનુમતી તરફ પડી. આ વખતે તેના ગૌર વદનમા ચિતાની છટા સંપુર્ણપણે પથરાએલી હોવાથી મુખની નિસ્તેજતા સ્પષ્ટ જણાતી હતી. દુર્યોધને પોતાના કિલ્લા બાધવાના કાર્યને જરાક વિશ્રામ આપી તેના પ્રતિ રોફમાંજ પુછ્યું ?

આજે તું આટલી બધી વિચાર નિમિગ્ન કેમ જણાય છે ? શું કંઇ સંતાપકારક કારણ મળ્યુ છે.

ભાનુમતી—સ્વામીન્! "આપનુ ભાવી અમંગળ સુચક માનસિક ચિત્ર" એજ મારી ચિતાનું કારણ છે. નાથ ? કૃષ્ણ સમાન બુદ્ધિશાળી, અર્જુન સમાન યુદ્ધ કળા કુશળ, અને ભીમસેન સમાન બાહુબળિષ્ટ યોદ્ધાઓની જે પક્ષમાં અસ્તિ છે, એવા પાંડવપક્ષ સાથે શત્રુતા કરી આપે કયા લાભની આશા રાખી છે ? શું બાવળના વૃક્ષપર મધુર આમ્રફળ કદી હોઇ શકે ? પ્રાણેશ ! તેવીજ રીતે પ્રભુના ભક્ત, સર્વદા નિતિ રીતિથી ચાલનાર, નીર્દોષ પાંડવોને સતાવી શું સાર કાઢશો ? વ્હાલા ! કૃપા કરી આ કીંકરીની વિનતીપર જરાક તો ધ્યાન આપો !

દુર્યોધન—પ્રિયા ! પણ હવે તો ભયનું લેશમાત્ર કારણ નથી. અભીમન્યુને સ્વર્ગમા પહોચાડી દીધો છે. અર્જુન બાવો થઇ બેઠો છે. અને એવીજ રીતે પાંડવ સૈન્યમાં અત્યારે નાશભાગ થઇ રહી છે. કોઇ ફરીથી યુદ્ધે ચડે એમ લાગતું નથી. તેથી હવે તેમને પાછા અરણ્યમાં કાઢી મૂકતાં કશો પ્રત્યવાય નડશે નહિ.

ભાનુમતી—નાથ ! આખરે સત્યનોજ વિજય થાય છે. એ સિદ્ધાંતને આપ કેમ વિસરી જાઓ છો ? શુ અભિમન્યુનુ મરણુ થયુ એટલે હવે પાંડવ સૈન્યમાં કોઇ મહારથી રહ્યોજ નથી. એમ આપનું ધારવુ છે ? સ્વામીન્ ! આજે મને દાસીદ્વારા એવા વર્તમાન મળ્યા છે કે કૃષ્ણુ પ્રભુએ અર્જુનને બોધ કરી શસ્ત્ર ધારણુ કરાવ્યાં છે. માટે કૃપા કરી મારી પ્રાર્થનાનો સ્વીકાર કરી પાંડવોની સાથે સંધી કરી આવો. ધર્મરાયનું હૃદય દયાથી ભરેલુ છે અને તેઓ અવશ્ય આપનું વચન માન્ય કરશે.

દુર્યોધન—અરે ! શુ હવે છેવટના સમયે એ ગરીબડાંને નમવા જાઉં ? ના. ના. તે કદી બનનાર નથી. ઘણુ કરીને તો અર્જુન યુદ્ધે ચડશેજ નહિ અને કદાચ તેમ હોય તો પણ શુ ? મારામાં એને સંહારવાનુ સપૂર્ણ સામર્થ્ય છે. માટે એવો નિરર્થક લવલવાટ છોડી દે !

ભાનુમતી—નાથ ! અત્યારે આપના ચક્ષુપર ગર્વરૂપી અંધકાર છવાએલો હોવાથી મ્હારી વિનતીનો અસ્વિકાર કરો છો. પરંતુ નિર્દોષને કનડવાથી અંતે તિવ્ર પશ્ચાતાપ કરવો પડશે એ નિઃસદેહ છે બસ ! એથી વિશેષ કશુ પણ કહી શકતી નથી.

દુર્યોધન (સક્રોધ)—ચુપ કર ! એકદમ ડાચું બંધ કર ! અને આ ક્ષણેજ અત્રેથા ચાલી જા નહિ તો બુરા હાલ થયા સમજજે !!!

ભાનુમતી નયનદ્વાગ અશ્રુ ઢાળતી ત્યાંથી ચાલી જાય છે. અને પોતે એકલો તંબુમાં બેઠો બેઠો સ્વગત્ વિચાર કર્યાં જાય છે. " શું એ ફરી યુદ્ધે ચડશે ? ના. ના. મને તો લાગતું નથી. પણ પેલો ભરવાડ મહા દાવપેચવાળો અને દીર્ઘદર્શી છે. એ કદાચ ઉશ્કેરીને

ગોટાળો કરે તો ફરી યુદ્ધનો આરંભ થવો સંભવનીય છે. હવે છેલ્લી તકે નમવા જવુ એ પણ ઉચિત નથી. લોકમાં „એ કીર્તિ થાય ! ”

આવા આવા વિચારમાં છેક સૂર્યાસ્તનો સમય થવા આવ્યો. વિચારની માળા ફેરવવામા આખો બધો વખત કેમ અને કયાં પસાર થઇ ગયો તેનું ભાન પણ રહ્યુ નહિ. તે એકદમ એ બાકળાની પેઠે તંબુની બહાર આવ્યો. અને જુએ છે તો ધનુષ્યના ગગનવેધ ટંકાર થઇ રહ્યા છે.

પ્રકરણ ૮ મું.

પ્રિય બંધુઓ ! આવો આપણે જરાક ભાનુમતિની આંતરિક સ્થિતિ તરફ દૃષ્ટિ કરીએ !

જેમ ભુજગને અમૃત સમાન ગુણકારી દુગ્ધનું પાન કરાવવાથી માત્ર વિષનોજ વધારો થાય છે. તેમ મૂર્ખ મનુષ્યને ઉપદેશ કરવાથી પણ ફાયદાને બદલે હાનીજ થવાનો સભવ છે. એ સત્યસિદ્ધ કથન દુર્યોધનના સંબંધમાં પણ ખરૂ પડયુ. બિચારી ભાનુમતી પોતાના નિષ્ઠુર અને ગર્વિષ્ટ સ્વામીને હિતનાં-તેની જીંદગીની સલામતીનાં વચનો કહેવા જતાં ઉલટી તિરસ્કારને પાત્ર બની અને ત્યાંથી અશ્રુ પૂર્ણનયણે ચિંતામણી નામની પોતાની એક સખી પાસે જઇને બેઠી.

ચિન્તામણી—બ્હેન ! ભાનુમતી. આજ તારૂં ચદ્ર મુખ કેમ ઉદાશ દેખાય છે ?

ભાનુમતી—કંઇ નહિ બ્હેન ! એતો સ્હેજ ! આજ જરાક ચિત્ત અસ્વસ્થ હતું તેથી મનમાં એમ થયું કે લાવ સખી પાસે જાઉં ?

ચીંતામણી—મ્હારી વ્હાલી સખી ! તું ભલે આવી. ત્હારા આગમનથી મ્હારા ઉરમાં અતી હર્ષ થયો છે. પરંતુ કૃપા કરી ત્હારા શોકનું સત્ય કારણ મને જણાવ ! જો ! ત્હારા મુખ કમળની નિસ્તેજતા ત્હારી માનસિક દુઃખમય સ્થિતિને પ્રતિત કરી રહી છે.

ભાનુમતી—સખી ? આજ પ્રભાત સમયથીજ મ્હારા શરીરમાં દુખાવો થયા કરે છે. તેથી તને એમ લાગતું હશે ?

ચીતામણી—બ્હેન ? દાઇથી પેટ કેટનો વખત છુપું રહી શકે ! ત્હારા શરીરમાં શારિરીક વ્યાધિનો દુઃખાવો નથી થતો. પરતુ હૃદયની અતી તીવ્ર ચીંતાને લીધેજ તુ દુખી જણાય છે. સાચું કહે ! મ્હારી પ્રિય સખી ? શુ સ્વામી એ કઇ કટુ વચન કહ્યાં છે ! કે કઇ બીજું કારણ છે ?.

ભાનુમતી—બ્હેન ? મ્હારા દુઃખનો સ્ફોટ કરવા તું શા માટે આગ્રહી બની છે ? સખી ! મ્હારા સૌભાગ્ય હેતુને હું ત્રિવિધ પ્રકારે સમજાવુંછું છતા તેઓ માનતા નથી. નિર્દોષ પાંડુ પુત્રોને દુઃખી કરે છે અને પ્રભુ ભક્તોને દુઃખ દેનારનું અનીષ્ટ થયા વિના રહેતું નથી. વ્હાલી બ્હેન ! એજ કારણથી મ્હરા ચિત્તમાં ચિતાગ્ની સળગ્યા કરે છે.

ચીંતામણી—સખી ધન્ય છે ત્હને ! સ્વામીની ત્હારા પ્રત્યે નિષ્ઠુરતા છતાં તુ ત્હેમના પ્રાત પુજ્ય બુદ્ધ દાખવે છે. સદા ત્હેમના હિતનું ચિત્વન કરે છે. અને પ્રેમની લાગણીથી જુએ છે. બ્હેન ? ત્હારા જેવી પવિત્ર આર્યાઓ ભારતના ઉજ્વલ કીતિસ્તંભ સમાન છે. ત્હારા જેવી પતિવ્રતાઓ વડેજ આર્યાવર્તનું ગૌરવ છે. બ્હેન ! પુર્વ જન્મના કોઇ દુષિત કર્મને લીધેજ તું સ્વામીની અપ્રિય પાત્ર છે.

જોને બ્હેન! મંદોદરી સતિના સર્વ ગુણથી અલંકૃત હતી. તેણે રાવણને દિન વચનથી ઘણુંએ કહ્યું કે "સ્વામી! રામચંદ્રની સાથે વેર ન કરો! પ્રભુના પ્રતિપક્ષી થવાથી કુળનો નાશ અને મરણ વિના અવર કંઇ પણ પ્રાપ્ત થશે નહિ." છતાં તેણે માન્યું નહિ. બ્હેન ભાનુમતી; "વિનાશ કાળે વિપરિત બુદ્ધિ" એ કથનમાં કંઈ અસત્યતા નથી.

ત્હારા માટે મ્હારા હૃદયમાં પણ તિવ્ર દુઃખ થાય છે! શુ કરૂં? હાય?.

ભાનુમતી—મમતાળુ સખી! એમાં ત્હારે શોચ કરવાનું કીંચિત પણ કારણ નથી. પૂર્વની કરણીનાં ફળ આ જન્મમાં ભોગવવાં એમાં કોઇ શુ સ્હાય કરી શકે? અરેરે!

રાગ—ઓધવજી સદેશો કેજો સ્યામને.

પરભવ પાપ સખી મેં હાય કીધાં હશે!
ભોગવવુ ફળ આજ પડે તે કાજ જો!
સંત જનોનાં મન મેં સંતાપ્યાં હશે!
તે શિક્ષા રૂપ કનડે દુખ અપારજો.
દગો કરી દીન જનને ડુભાવ્યા હશે
કેમ કૃત્ય એ માફ કરે પરમેશ જો!.
ભોજન બ્રહ્મ તણું મેં અભડાવ્યું હશે.
પતિવ્રત્તાપર ખોટું ઢોળ્યુ આળજો.
પુણ્ય માર્ગમાં આડી જીભ કીધી હશે,
નીરાધારના હશે લીધા નિશ્વાસજોઃ

ખોટાં વચનો રંક જનોને આપીને,
કપટી થઇ કીધેલા આશા ભંગજો.
નિંદા નિર્દોષી જનની કીધી હશે,
સત્ય માર્ગમાં સકોચેલા હસ્તજો;
કંથ કામાનિને અળગા કીધાં હશે,
લીધેલા મેં અબળાના અભિશ્રાપ જો.
સજ્જનનાં સન્માન નહિ કીધા હશે,
આદરમાન અતિથાનાં ન થએલ જો;
પરભવની કરણી આ ભવ આવી મળે,
લેશ નથી સંદેહ સખી ? એ સુત્રમાં ???

ચીન્તામણી—પ્રિય સખી ? સરજનહારની કળા અકલ્પ્ય છે, જો સાંભળ ?

હરિગીત છંદ.

કરવા બુર હરિ ભકતનુ મિથ્યા મથે છે માનવો,
રક્ષિત જે પરમેશનો નર અમર સમ તે જાણવો;
ઇચ્છા હશે જો ઇશની યમ સદન દાખવવા તણી,
તે ભાગ્યહીન બચે નહિં રક્ષાયદી શુરવીરની— ૧
ગર્વી જનોના ગર્વ મોહ મમત્વ સૌ અળગા થશે.
વિકાળ કાળ નિકટ થશે કે નેત્ર મીંચાઇ જશે.
મનનું બધું મનમાં સમાવી આગના સાથી બની ?
જાસો વને કરવો ' ખરે કાયા બનેલી કાચની ' ૨

નિર્મળ જીવન જો હોય તો અંતે મળે શાંતી ખરે
પાપી જનો પસ્તાય પાગવાર ને ભયથી ડરે.
રાંડયા પછી ચાતુર્ય ઉપયોગી જરીના થાય છે.
તેવી રીતે તે સમયનો સતાપ ખાવી જાય છે— ૩
ખાનાર ખૂબ જનો જરૂર વ્યાધિ થકી પીડાય છે.
ચોરી કર્યાથી ચર્ણસ્થાને બેડીયો અથડાય છે.
થાયે નકી નર પ્રાણહિન જો ધારીને વિષ ખાય છે
તેવી રીતે પાપી જનો પરમેશથી દંડાય છે— ૪

વળી બ્હેન ? ....ચિન્તામણી આગળ બોલવા જાય છે એટલામાં બહારથી એક દાસીએ અંદર પ્રવેશ કરી ભાનુમતીને ઉદ્દેશી કહ્યું ! બાઇ સાહેબ ! છત્રપતિ યુદ્ધ કરવા ચઢે છે. માટે સત્વરે તણુએ પધારો !

ભાનુમતીએ ચીંતામણીને સપ્રેમ આલીંગન આપ્યુ અને દાસી સાથે તણુ તરફ ચાલી !!!

પ્રકરણ ૮ મું.

પાપીનો અંત સમય.

વાંચક બંધુઓ ! કૃષ્ણ પ્રભુએ અર્જુનને પોતાની વિશાળ બુદ્ધિ વડે બોધ કરેલો હોવાથી તેના હૃદયમાંથી શોક કીર્ણનો લોપ થઈ વૈરની લાગણી અગ્નીજવાળા સમાન ભભુકી ઉઠી. તેણે પોતાનું ગાંડીવ નામક પ્રચંડ ધનુષ્ય કરમાં લીધુ અને અતિ ભયાનક ટંકાર કર્યો. એ

ટંકાર શ્રવણ થતાંજ દુષ્ટ દુર્યોધનના પેટમાં "રામ બોલો ભાઇ રામ" ના ભણકાર વાગવા લાગ્યા. ભાનુમતીના વચનની સત્યતાનો પરિચય થવા લાગ્યો છતાં યુદ્ધ કર્યા શિવાય હવે અન્ય એકપણ માર્ગ ન હોવાથી તેણે પોતાનાં શસ્ત્રોને અંગપર ધારણ કર્યા અને સમરાંગણ તરફ આવ્યો. તેનો પ્રતિધ્વન્દી અર્જુન તેની રાહ જોઇનેજ ઉભો હતો. એટલામાં પાપી ત્યાં આવી પહોંચ્યો. ઉંદરને દેખી બિલાડી, શિયાળને દેખી સિંહ, અજાને જોઇ વ્યાઘ્ર અને સર્પને જોઇ ગરૂડ જેમ પોત-પોતાનો શિકાર સમજી તેમનાપર આક્રમણ કરે તેવીજ રીતે અર્જુન પણ દુર્યોધન પ્રતિ પૂર્ણ બળથી ધસ્યો. બન્ને વચ્ચે પુષ્કળ યુદ્ધ ચાલ્યું. ચપલા સમાન ચળકાટ કરતી તરવારો જાણે હવામાં નૃત્ય કરતી હોયની! એમ દેખાવા લાગ્યું. બાણોની અપાર વૃષ્ટિ થવા લાગી. દુર્યોધન બહુ બહાદુરીથી લઢયો પણ પ્રિય વાંચકો! વિદ્વાન આગળ મુર્ખનું શું નીપજે? ધનીક આગળ રંક શી ગણત્રીમાં? તથા અવની પ્રકાશક સૂર્ય આગળ દિપકનો શો હિસાબ? કંઇજ નહિ. તેવીજ રીતે શસ્ત્રકળા નીપુણ અર્જુન આગળ દુર્યોધન ઝાઝીવાર ટકી શકયો નહિ. અર્જુને અતિ ક્રોધ કરી એક તિવ્રશર તેના ઉપર ફેંકયુ કે તુર્ત દુષ્ટ ધર્ણીપર ઢળી પડયો. તેની છાતી વિંધાઇ ગઇ અને અંદરથી શોણીતની ઉષ્ણ ધારાઓ છુટવા લાગી. તતક્ષણ તેના સૈનિકો તેને ઉપડાવી તંબુમાં લઇ ગયા અને પાંડવ પક્ષનો સંપુર્ણ વિજય થયો.

અર્જુનનું બાણ ઘણુંજ તિવ્રપણે વાગેલું હોવાથી દુર્યોધનને પોતાના જીવનની આશા રહી નહી. તેણે જાણ્યુ કે હવે મારે આ ફાની દુનિયામાં માત્ર બે ત્રણ ઘટિકાજ નિવાસ કરવાનો છે. તે પછી મારે

આ વિશાળ રાજ્ય, બાગબગીચા, મહાલયો અને અખુટ રિદ્ધિ સિદ્ધિ વિગેરે સર્વ છોડીને પરમેશ્વરના ન્યાય મંદિરમાં પાપ પુણ્યનાં ફળ ભોગવવા જવુ પડશે. અહા ! પાપીજનો પોતાની યુવાનીના મદમાં અનેક ઘોર કર્મો કરે છે પણ તેઓ જાણુતા નથી કે અંતકાળે એ સર્વ કૃત્યો ઝેરી કીડાની માફક કરડશે અને તિવ્ર પશ્ચાતાપ કરાવશે અસ્તુ.

દુર્યોધનનો અતસમય હવે નીકટમાં આવ્યો છે. આસપાસ કેટલાક સેવકો સેવા સુશ્રુસા કરી રહ્યા છે, આ વખતે દુર્યોધનનાં નેત્રમાંથી નીર અસ્ખલિતપણે વહેતું હતું. એ જોઇ એક સેવકે તેને પુછ્યું ! મહારાજ ! આવા શાંતિના સમયે આપને દુ:ખ કેમ થાય છે. ?

દુર્યોધન—ભાઇ ! જેણે પોતાનુ જીવન પાપ રહિતપણે ગાળ્યું હોય છે તેજ અંતકાળે શાંતિ અને સુખનો ભાગી થાય છે. મારા જેવા અત્યાચારી જીવને કયાંથી શાંતિ હોય ! સાંભળ ભાઇ. !

હરીગીત છંદ.

ધીક્કાર છે મમ જીવનને કીધાં કુકર્મો મેં અતી
પાછુ વળી જોયુ નહિ રે હા ! ખરે મેં દુર્મતી.
ગાળ્યું જીવીત અમુલ્ય મેં આ પાપમય આ ગારમાં
કૃત્યો દહે છે અવનવાં મુજ અંત સમયે કારમાં
જેઓ જુવાની ગર્વમાં નવ નેત્ર ખોલીને જુએ
અત્યંત પશ્ચાતાપ પામી અંતમાં તેઓ રૂએ
ધાર્યું નહિ મે તો મરણ માથે ભમે છે પ્રબળરે
ઇન્સાફ ઇશ્વરની સમક્ષ થતા થશે શિક્ષા અરે.
ધન માલને આ વૈભવો નવ દિલાસો આપે જરી
રે હવે પસ્તાઉ છુ શાને અનીતિ આદરી.

ગાળી હતે જો જીંદગી સત્કર્મને ભક્તિ મહીં
સંતાપકારી વિકળતાનું કષ્ટ ભોગવતે નહિં.
રે રે હવે ઉપાય એકે ના સુઝે અકળાઉં છું,
થાશે સજા કેવી મને? એ પ્રશ્નથી મુઝાઉં છું.
મિત્રો બધા અળગા થયા! સ્નેહી જનો ચાલ્યા ગયા
મુજ મરણ સમયે હેત ધરીને કોઇ સાથી ના થયા.
શરમાઉંછું કહેતાં "પ્રભુ કરજો ક્ષમા લાવો દયા"
મુજ ઘોર કૃત્યો પ્રભુ આગળ કહે "ના કરશો મયા"
દેખું શી રીતે આમ્રફળ કંટક તરૂવર વાવીને
નિશ્ચે સજા કરશે પ્રભુ ઉર ક્રોધ પુષ્કળ લાવીને
ચેતી સદા સૌ ચાલજો દ્રષ્ટાંત દેખી માહરૂ
રાખી ઉરે ડર ઇશનો કરશો નહિ કોનુ બુરૂં
સૃષ્ટી મહીં સૌ ભ્રાતસમ જાણી વિચરજો ન્યાયથી
ધરજો હૃદય આ શીખ "ઇશ્વર કોપશે અન્યાયથી"

(અવસાન થાય છે)

પ્રકરણ ૯ મું.

દશાનું પરિવર્તન

રણભૂમિનો દેખાવ અત્યારે કસાઇના કાળજાને પણ ડગમગાવી નાખે તેવો બન્યો છે. જયાં દ્રષ્ટિપાત કરીએ ત્યાં રક્ત, વિરયોદ્ધાઓનાં ધડ, મસ્તક તથા અવયવો બીજા બીજા સ્થળે પડેલાં જણાય છે.

જે મહાલયોમાં છત્રપતિ દુર્યોધન પોતાની અનેક પટરાણીઓ સહિત નીવાસ કરતો હતો, તેમાં અત્યારે કાળા કાગ ઉડતા દ્રષ્ટિ-ગોચર થાય છે.

અનેક ક્રીડા ભુવનો, ઉપવન, ઉદ્યાન, બગીચા વિગેરે જેઓ થોડા સમય પૂર્વે નંદન વન સમાન નેત્ર પ્રિય લાગતા હતા તે અત્યારે સ્મશાનવત્ ઉજ્જડ જેવા લાગે છે. જે હસ્તિનાપુરની ગગનચુમ્બીત હવેલાઓ સ્વર્ગસદન સમાન દીપતી હતી તે અત્યારે ખાવા ધાય છે. ખરે ! કાળચક્રની ગતી બળવાન છે.

પ્રિય બંધુઓ ! કુરૂક્ષેત્રના યુદ્ધ પછી ધીમે ધીમે ભારતનો ભાનુ પશ્ચિમ દિશા ભણી ગમન કરવા લાગ્યો. કારણ કે એ યુદ્ધમા ભિષ્મ પિતામહ, કર્ણ, દ્રોણ, અભિમન્યુ, વિગેરે જગતના ખરા વિર યોદ્ધાઓ પરલોકમાં જઇ વિરાજ્યા. વિદ્યાકળાની સ્થિતિ દિનપ્રતિદિન અસ્ત વ્યસ્ત થવા લાગી અને કલેષ, ઈર્ષા, અભિમાન, બાળલગ્ન, કન્યાવિક્રય ઇત્યાદી પ્રબળ શત્રુઓનો દેશમાં નિવાસ થવા લાગ્યો.

હાય ! હિન્દ માતા ! જેવી પર્વતના ઉચ્ચ શીખરપરથી પડેલા મનુષ્યની પરિસ્થીતિ થઇ જાય તેવીજ દયાજનક સ્થિતિ તારી પણ થઇ ગઇ ! ! !

અભીમાન અને પર સ્ત્રી મોહથી અસંખ્યાત સાર્વભૌમ નૃપવરો પાયમાલ દશાને પામી ગયા કે જેમનાં ઉદાહરણ ઈતિહાસનાં પૃષ્ટો પર વિદ્યમાન છે. છતાં પામર જનો નાહક મોહ મમત્વમાં અથડાઇ દુઃખમય દશામાં દોરાય છે. અસ્તુ.

ભારત વર્ષના ભદ્રેચ્છુ વિરો ? તમે તમારી હૃદય ભુમિકાઓમાં દેશનો અભ્યુદય કરવાની આકાંક્ષા રાખતા હશો. પરંતુ મનોહર ઉંચા

નમાં ખીલતાં સૈંદર્યપુર્ણુ સુમન સમાન અનેક બાળકોની શારિરીક સ્થિતિને છીન્ન વિચ્છીન્ન કરી નાખનાર બાળ લગ્ન અને કન્યા વિક્રયરૂપી ક્રુર રાક્ષસોને જ્યાં સુધી પુર્ણ રીતે પરાજિત નહિ કરો ત્યા સુઠી એ તમારી એ ઇચ્છા શેખસલ્લીના આકાશ અને ધરાદેવી વચ્ચે વજ્ર મહેલ બાંધવાના વિચાર જેવી છે એમ મારે કહેવુંજ જોઇએ. સર્વ કોઇ સમજી શકે છે કે જે મકાનનો પાયો કાચો હોય છે તે મકાન લાંબી મુદત ટકી શકતું નથી. તેત્રીજ રીતે જીંદગીના ચારે આશ્રમોનો આધાર જે બ્રહ્મચર્યા શ્રમ—તેજ બાળ લગ્ન રૂપી બળવાન રિપુનો ભોગ થઇ અસ્ત વ્યસ્ત થઇ જાય ત્યાં ઉન્નતિની શી આશા રાખી શકાય ?

અહા ? રામચંદ્ર ! લક્ષ્મણ ! ઈંદ્રજીત, રાવણ ? અર્જુન, ભીમ સેન ! અભીમન્યુ દ્રોણ, કર્ણ ઇત્યાદી વિંર યોદ્ધાઓનું અવલોકન હવે માત્ર ઈતિહાસનાં પૃષ્ટોમાંજ થાય છે. હરિશ્ચંદ્ર સમાન સત્યવાદી પુરૂષોનાં યશોગાન માત્ર કાવ્યોગાંજ જણાય છે. અર્થાત ખરા વિર પુરૂષોનાં દર્શન દુર્લભ થઇ પડયાં છે. બધુઓ ? એ સઘળું બ્રહ્મચર્ય ખંડનને લીધેજ

આજ કાલ હિંદમાં કોલેરા, મરડી, તાવ, ઉધરસ, નબળાઇ, ક્ષય, વિગેરે ભિન્ન ભિન્ન પ્રકારના ભયકર રોગોએ ઘર કર્યું છે.

અને ઉક્ત રોગોના ભોગ થએલ અનેક યુવકોને આપણે નયન દ્વારા અશ્રુ જલ ખાળતા, આર્ત સ્વરે પ્રભુ પાસે જીવન છુટકારા માટે વંદન કરતા જોઇએ છીએ.

અનેક બાળાઓ ગૃહ કલેષના અસહ્ય સંકટને લીધે આત્મ હત્યાનું ઘોર પાપ કરી સદાની શાંત નિદ્રામાં સુઇ જાય છે, પચ્ચીસ વર્ષ

પુરાં થયા પૂર્વે યુવાનીનો અમલ ઉતરી પ્રૌઢાવસ્થાનાં ચિન્હ પ્રત્યક્ષ થાય છે.

પાતિવ્રત્ય અને એક પત્નિવ્રત સમાન અલૌકિક ગુણોમાં ન્યુનતાનું દર્શન થાય છે. ત્રીભુવનના દ્રવ્ય સાથે પણ તુલના ન થઇ શકે એવું જે સ્ત્રીઓનું શીયલ ધન તેની કીંમત ઓછી થવા લાગી છે. અર્થાત વ્યભિચારરૂપી વિનાશકારી વૃક્ષ વિશેષ પ્રમાણમાં ફાલેલું જણાય છે.

એ બધું બ્રહ્મચર્ય ખંડનનુંજ પરિણામ ?

બંધુઓ ? આતો હજુ એકજ પ્રકારનું દુઃખ ગવાયુ. પણ જેમ એક છોડના આરોપણથી અનેક ફણગા ફુટે છે. તેવીજ રીતે શારિરીક સ્થાનિની અસ્તતાને લીધે માનસીક વૃત્તિઓમાં પણ મલીનતાએ પ્રવેશ કર્યો છે.

વિદ્યાર્થી અવસ્થામાં બાળકોનાં કમળ વદન ગુલાબની કળી સમાન ખીલેલાં નીરખવાની આશા રાખી શકાય, તેને બદલે કરમાએલા અને ફીકકા ચહેરા જોઇ કયા વજ્ર હૃદયી પુરૂષનું દીલ દુભાયા વિના રહેશે ?

જે બાળકો આનંદથી અભ્યાસ કરવાને બદલે અનેક રોગના ભોગ થઇ શારિરીક તેમજ માનસિક વેદનાઓ ભોગવતા હોય, તેઓ દેશનું શું શ્રેય કરી શકે વારૂ !

શારિરીક વિકારોની બુરી અસર માનસીક સ્થિતિને લાગુ થવાથી દ્રઢતા, સ્મૃતિ, પવિત્રતા, શુરવીરતા અને હૃદયની ઉચ્ચતા ઇત્યાદી અગત્યના ગુણોની તદ્દન અછત થઇ ગઇ છે. અને એને બદલે મનની અસ્થિરતા, ભ્રષ્ટતા, કાયરતા અને હૃદયની નીચતા આદિ દુર્ગુણો વિકાસ પામવા લાગ્યા છે.

વળી મનોનિર્બળતાને લીધે ધીમે ધીમે ઉદ્યોગ નષ્ટ પ્રાય થવા લાગ્યો. અને તેને બદલે આળસની અભિવૃદ્ધિ થવા લાગી. જેથી દિન પ્રતિદીન આપણી આર્થીક સ્થિતિ પણ દયા પાત્ર થઇ ગઇ. ઉદ્યોગ કરી પ્રમાણિકપણે દ્રવ્ય પ્રાપ્ત કરવાને બદલે જીવનને ભ્રષ્ટતાના ઉંડા ખાડામાં ગબડાવનાર અનીતિમય કૃત્યો કરી દ્રવ્ય સંચયના માર્ગ શોધાવા લાગ્યા. કે જેથી દેશમા મલીનતારૂપી કૃષ્ણરંગી વાદળ છવાઇ ગયું. હાય બન્ધુઓ! અફસોસ ' એક બાળલગ્ન રૂપી ક્રુર કસાઇ દેશમાં આટલો જુલમ પ્રવર્તાવી રહ્યો છે, અને તે શુરવીર આર્યસંતાનો મુક મુખે જોઇ રહ્યા છે એ કેટલુ ખેદકારક છે! બંધુઓ! એ રાક્ષસ બાણાસુર, પુલોચન, પાતાળકેતુ ઇત્યાદી રાક્ષસો સમાન બળિષ્ટ નથી કે જેનાપર વિજય મેળવતાં મુસ્કેલી નડે. માત્ર અજ્ઞાનતાને લીધેજ તે આપણાપર ફાવી ગયો છે.

ભરતખંડનો ઘણો ભાગ બાળપણથી સંતાનોને સંલગ્ન કરવાની વંશ પરંપરાની રૂઢીને અનુસરી બાળ લગ્નનો સ્વીકાર કરી બેઠો છે. કેટલાક મિથ્યાભિમાની કુળવાન ગૃહસ્થો બાળપણમાંથી પોતાના સતાનોને લગ્ન ગ્રંથીએ ગુંથાએલાં જોઇ પોતાના કુળની ઉચ્ચતામાં વૃદ્ધિ થએલી માને છે. પણ તેઓ જાણતા નથી કે એવુ મિથ્યાભિમાનત્વ દેશની આબાદીને ધોકો પહોંચાડવામાં સાધનભૂત ગણાય છે. કેટલાકો બાળપણથી પુત્ર પુત્રીઓને પરણાવવામાં એક પ્રકારનો લ્હાવો લેખે છે અને તેથી આનંદના ઉદધિમાં થન થન નૃત્ય કરે છે. પણ તેઓ જાણતા નથી કે એવા લ્હાવાજ લાડકવાયાં પુત્ર પુત્રીઓના જીવનમાં લ્હાય લગાડી દેછે અને સદાને માટે દુઃખના ઉંડા દરિયામાં નાખી દે છે '

બાળલગ્નનાં રોદણાં રોવાથી પાર આવે તેમ નથી, કારણ કે કજોડાં રૂપી ક્રુર શત્રૂ કારમાં નેત્ર કરી દેશમાં ભરાઇ બેઠો છે. એ દુશ્મન બાળલગ્નમાંથીજ ઉત્પન્ન થએલો જણાય છે.

બાળપણમાં એક બીજાનાં ઉમ્મર કે કદની પરિક્ષા કર્યા વિના લગ્ન કરવામાં આવે ત્યાં ગુણ, કર્મ, કે સ્વભાવ પરિક્ષાની વાતજ કયાં રહી ? અહા ! ભારતમાતાના પવિત્ર સંતાનો ! લગ્નના પવિત્ર હેતુઓને તમે કેમ કોરણે મુકો છો ? શું હજુ તમે અજ્ઞાત છો કે કજોડાંથી દંપતિનું જીવન દારૂણ દુ:ખમાં ડોળાય છે ?

ગુણ, કર્મ, અને સ્વભાવની પરિક્ષા વિનાનાં ઢીંગલા ઢીંગલીનાં લગ્નથી દંપતિના દીન કલેશમાં વ્યતિત થાય છે કે જેથી તેઓ સુખના સ્વપ્નથી સદાને માટે બેનસીબ રહે છે. એવાં દુઃખી પરિસ્થીતિમાં દીન વ્યતિત કરતાં અનેક દંપતિ યુગલ આપણે પ્રત્યક્ષ નીહાળીએ છીએ છતાં આપણાં ભર નિદ્રાનાં ભોગ થએલ નેત્રો ખુલતાં નથી એ એક આશ્ચર્ય મિશ્રિત ખેદજનક વિષય છે.

પ્યારા બાંધવો ? આ બાબતમાં આપણે જ્યાં સુધી આળસ રાખીશું ત્યાં સુધી આનંદનુ દર્શન કરી શકીશું નહિ તેથી આશા છે કે આવા અગત્યના વિષયોપર ધીમે ધીમે જ્ઞાતિના આગેવાનો અજવાળું પાડશે ! અસ્તુ.

* * * *

"અભિમન્યુનું યુદ્ધ ગમન" નોવેલ અત્રે સમાપ્ત થાય છે. અજ્ઞાન અંધકારમાં પડેલા દેશી બંધુઓ પોતાની સ્થિતિ સુધારવા યત્ન કરશે અને અડગ ધૈર્ય રાખી, મહાન્ કષ્ટ સમયે પણ ચારિત્ર્યને વિશુધ્ધ રાખી સુકીર્તીની પ્રકાશમય ધ્વજા સર્વત્ર ફરકાવશે એટલે

લેખીનીનો શ્રમ સફળ થયો ગણાશે. પ્રભુ! તેમ કરવામાં સર્વને સ્હાય થાઓ!!! એજ અંતિમ અભ્યર્થના!!

હરીગીત છંદ.

ઓ ભારતી ભક્તો હવે જાગો તમે નિંદ્રા તજી,
દુઃખમય દિનોની પુર્ણ શું અવધિ નથી થઈ કે હજી;
જ્યમ "દુઃખ પાછળ સુખ" એ અવિચળ નિયમ લેખાય છે,
એ તત્વ સ્મર્ણ કરો! હવે સુઃખ નિકટમાંજ જણાય છે.

જ્યમ દિવસ અસ્ત થયા પછી રજની તણી સત્તા થશે,
ભેધ્યા પછી ભયપ્રદ અરણ્યો સરળ રસ્તો આવશે;
વર્ષો પ્રખર તાપ સહ્યા પછી જળ વૃષ્ટી નિશ્ચય થાય છે,
એ તત્વસ્મર્ણ કરો! હવે સુખ નિકટમાજ જણાય છે.

જોડી ઉભયકર વિનવું પ્રભુ! પ્રાર્થના અંતર ધરો,
રિપુ બાળલગ્નાદિ ખસેડી અમપરે કરૂણા કરો;
વિભુ! આપની કરૂણાવડે અમ જીવન સુખમય થાય છે,
છે ધન્ય! જેઓ આપનાં ગુણગાન નિશદિન ગાય છે.

शान्ति ! शान्ति ! शान्ति भवतुः
।

ટુંકી વાર્ત્તા.

" ચન્દ્રમણિ. "

સુંદરપુરમાં મોહનલાલ નામે એક ગરીબ સ્થીતિનો વણિક રહેતો હતો. લક્ષ્મી દેવીની તેના ઉપર અકૃપા હતી તેમ અનેક ધંધા કરવા છતાં તેની પૈસા સંબંધી સ્થિતિ સુધરી શકી નહિ. આ વણિકને ચન્દ્રમણિ નામની એક પરમ લાવણ્યવતી પુત્રી હતી. જ્યારે તે સાત વર્ષની થઇ ત્યારે તેને નિશાળમા દાખલ કીધી. જેમ નક્ષત્રમાં ચંદ્રમા શોભે તેમ શાળામાં સર્વ બાળકીઓમાં પોતાની તિવ્ર બુદ્ધિવડે ચંદ્રમણિ અધિક શોભવા લાગી. તેના સદ્‌ગુણો અને હોંશીઆરીને લીધે પોતાની શિક્ષિકાને તેમજ સર્વને તે અતિ પ્રિય થઇ પડી હતી. ચન્દ્રમણિએ પાચ વર્ષમાં ગુજરાતી અભ્યાસ પુરો કર્યો એટલે તેના પિતાએ તેને શાળામાથી ઉઠાડી ગૃહકાર્યમાં પરોવી દીધી.

પડોશમાં રજનીકાંત નામે એક વણીક પુત્ર રહેતો હતો. રજનીકાન્તના માતાપિતા મરકીના દુષ્ટ રોગનો ભોગ થઇ તેને ૧૩ વર્ષનો મુકી મરણ પામ્યાં હતા. શિતળ છાયા સમાન માતપિતાના મરણ પછી તે અત્યત નિરાધાર સ્થિતિમાં આવી પડયો. અને પોતાનો અભ્યાસ આગળ વધારવાનું એક પણ સાધન તેની પાસે રહ્યું નહિ. આમ છતાં તેણે ધૈર્ય રાખી, એક ઉદાર દિલના શ્રીમંત ગૃહસ્થને પોતાની નિરાધાર સ્થિતિ જણાવી અને સાધારણ મદદ મેળવી શકયો. એવી રીતે મહા મુશ્કેલીએ તે પોતાનો અભ્યાસક્રમ આગળ ચલાવવા લાગ્યો.

ચંદ્રમણિને તેના પિતાએ શાળા છોડાવી દીધી તથાપિ તેને વિદ્યાદેવીનું પરમ સુખમય વ્યસન લાગેલુ હોવાથી પોતાની પાડોશમાં રહેતા રજનીકાન્ત પાસે બેસી નિત્ય ફુરસદની વેળા થોડું થોડું વાચતી. રજનીકાન્તનો સ્વભાવ પણ ઘણો માયાળુ હતો તેથી તેઓ બંન્ને ઘણા ઉમંગથી ભેગા બેસી શીખતાં. આવી રીતે આ બંન્ને બાળકો વચ્ચે કુદરતી રીતેજ પ્રેમનુ બીજ વવાયુ અને ધીમે ધીમે તે કલ્પ-વૃક્ષ સમાન દૃઢ થતું ગયુ.

એક દિવસ પાઠ લખી રહ્યા પછી ચંદ્રમણિ રજનીકાન્ત પ્રત્યે સ્નેહભરી વાણીવડે કહેવા લાગી. પ્રિય રજનીકાન્ત! તમારા સહેવા-સમાં રહેવાથી મને ઘણો આનદ લાગે છે.

રજનીકાન્ત—ચંદ્રમણિ! એવી મધુર વાણી વડે માયા ચડાવી મને પ્રિતિની સાંકળમાં શા માટે જકડો છો?

ચંદ્ર—પ્રિય! મ્હારી આંખે તમે ઘણા સુદર લાગો છો મને કુદરતી રીતેજ તમારા ઉપર પ્રેમ ઉપજે છે!

રજની—શું તમે એ પ્રેમ તમારા હૃદયમાં સદાને માટે રાખી શકશો?

ચંદ્ર—હા પ્રિય! હુ સદાને માટે તમારીજ રહીશ. મને તમારા શિવાય સંસારમાં બીજું કંઇ વધારે પ્રિય નથી.

ધીમે ધીમે કાળચક્રની ગતી પ્રમાણે એક વર્ષ વતી ગયું. અને ચંદ્રમણિમાં યૌવનના અંકુર ખીલવા માંડયા. પ્રિય વાંચકો! મોહન-લાલની જ્ઞાતિમા ભરત ભૂમિને અધમ સ્થિતિએ લાવી મુકનાર કન્યા વિક્રયનો દુષ્ટ રિવાજ પ્રચલીત હતો. કન્યાવિક્રયથી કેવાં વિપરીત પરિ-ણામ નીપજે છે. એ મોહનલાલ સારી રીતે જાણતો હતો છતાં

પૈસાના લોભથી તેણે પોતાની એકની એક વ્હાલી પુત્રીનો વિવાહ ત્રણ હજાર રૂપીયા લઇ મોતીલાલ નામે એક ચાલીસ વર્ષના બીજ વર જોડે કર્યો, આ મોતીલાલ શેઠ ભણ્યા ગણ્યા કાંઇ નહોતા. પણ સદ્‌ભાગ્યે તેમના બાપનુ એકઠું કરેલુ ધન પુષ્કળ હોવાથી ગામમાં તેઓ "મોટા શેઠ" કહેવાતા.

જે દિવસે મોહનલાલે ચદ્રમણિનો મોટા શેઠ જોડે વિવાહ કર્યો તે દિવસે તે બિચારી પોતાના મામાને ઘેર રમણીકપુર ગએલી હતી. તેથી એ દુઃખદ વાર્તાની એક અઠવાડીયા સુધી તેને ખબર પડી શકી નહિ.

એક દિવસ મધ્યાન્હ સમયે તે રજનીકાન્ત પાસે બેઠેલી છે, બન્ને એક બીજા સાથે નિર્દોષ પ્રેમ વાર્તાલાપ કરી રહ્યાં છે. એવામાં વાનપર વાત નીકળતાં રજનીકાન્તે કહ્યુ-હવે થોડા દિવસમાં આપણો વિયોગ થશે. કારણ કે આ ચૈત્ર માસમાં તમારા પિતા તમારાં લગ્ન મોતીલાલ શેઠ જોડે કરનાર છે. શ્વસુર ગૃહે ગયા પછી પ્રેમના વિષય બંધનમાં બંધાએલા આ રજનીકાન્તને કોઇ દિવસ યાદ કરશો કે?

ચંદ્રમણિને આ શબ્દો વજ્રઘાત જેવા લાગ્યા. તે દયામણે વદને રજનીકાન્ત પ્રત્યે બોલી. "શું મ્હારા પિતા એવા નિર્દય છે કે તેઓ મ્હારી સમતી વિના મને અણગમતા સંસારમાં નાખે? પ્રિય! કૃપા કરી મને સત્ય કહો. શુ તમે મારી મશ્કરી તો નથી કરતા?

રજનીકાન્ત—ચંદ્રમણિ! હુ તમારી મશ્કરી નથી કરતો. તમને હજુ સંસારની સમ વિષમતા નાપાશ લાગ્યા નથી અને ત્યાં સુધી તમે તમારા પિતા વિષે સારો મત બાંધો એ સ્વાભાવિકજ છે. તમારા પિતાએ તમારે માટે એક શત્રુની ગરજ સારી છે. માત્ર દ્રવ્ય લોભથી

તમારો વિવાહ મોતીલાલ શેઠ જોડે કરવામાં આવ્યો છે.

આ સાંભળી નિર્દોષ બાળાનું હૃદય શોકથી આચ્છાદિત થઇ ગયું. તે અશ્રુ પૂર્ણ નયને ઘેર આવી. ધીમે ધીમે ચૈત્ર માસ આવી પહોંચ્યો અને મોહનલાલે લગ્ન સમારંભની તૈયારીઓ કરવા માંડી. એક દિવસ ચંદ્રમણિએ લાગ જોઇ પિતાની પાસે જઈ દયામણે વદને પુછ્યુ ? પિતાશ્રી, આ સવ કોને માટે ?

મોહનલાલ- બેટા ! શુ તું હજુ એ વાર્તાથી અજ્ઞાત છે ? તારાં લગ્ન આપણા ગામના ધનાઢય શેઠ મોતીલાલ જોડે થનાર છે.

ચંદ્રમણિને રજનીકાન્તના શબ્દો એકદમ યાદ આવ્યા શરીર રોમાંચિત થઇ ગયું. શું કરવું તે એકદમ સુઝયુ નહિ. આખરે તેણી પોતાના ક્રૂર પિતા ઉપર તેનું હૃદય પીગળાવવાના હેતુથી એક પત્ર લખવા બેઠી.

"પરમ પૂજ્ય પિતાશ્રી—એક બાલિકા પોતાના પિતા પ્રત્યે આવા વિષય ઉપર કંઇ લખે એ અવિવેકજ ગણાય અને તેને માટે હું પ્રથમથીજ ક્ષમા માગું છુ.

આપે મ્હારાં લગ્ન કરવાનો જે વિચાર કર્યો છે એ જોઈ મને સખેદાશ્ચર્ય થાય છે. પિતાશ્રી ? આપણે બજારમાંથી એક કપડુ અગર શાક ખરીદવુ હોય છે, છતા ઘણે ઠેકાણે ફરી ફરી મન ગમતું પસંદ કર્યા પછીજ લઇએ છીએ. તો લગ્ન જેવી મહત્વની બાબતમાં સંપૂર્ણ વિચાર કરવો એ દરેક માતાપિતાનો ધર્મ છે.

પિતાજી ! કન્યાવિક્રયના દુષ્ટ રિવાજથી અનેક બાળાઓની જીંદગી પાયમાલ થઇ ગઇ છે. એ આપના જાણવામાં છે. તેથી વધારે લખી આપને હેરાન કરવા નથી માગતી. મારી માતાના સ્વર્ગ-

વાસ પછી આપેજ મને દયા કરી ભણાવી :ગણાવી મોટી કરી છે. અને તેથી મારે માટે આપના હૃદયમાં કરૂણાનું સ્થાન હોયજ! છેવટે આપને અંતિમ પ્રાર્થના લખું છું કે મ્હારાં લગ્ન એ ૪૦ વર્ષના બીજવર સાથે બંધ રાખી રાંક દિકરીની આશીશ મેળવશો.

લી.

આપની દયાપાત્ર ચંદ્રમણી."

પુત્ર પુરો કરી પોતાની એક બેનપણી જોડે પિતા પાસે મોકલવી દીધો.

ક્રૂર પિતાએ પત્ર વાંચ્યો. પરંતુ તેથી તેનુ મન જરાપણ પીગળ્યું નહિ. સ્વાર્થના અંધકારમય પ્રદેશમાં ડુબેલા મનુષ્યને દયા શાની હોય? તેણે પુત્રીને પોતાની પાસે બોલાવી અને કહ્યું

"બ્હેન શુ તું એમ ધારે છે કે મેં તારૂ અહિત કરવાનો આરંભ કર્યો છે? મોતીલાલ શેઠને ઘેર શુ દુ:ખ છે? એને ઘેર અખુટ દ્રવ્ય છે, દાસ દાસીઓ છે. પાણી માગતાં દુધ મળે તેમ છે. એવું સુખી ઠેકાણું શોધ્યા છતા મારે માટે તુ આવું બોલે છે, તે ઠીક કહેવાય!

ચદ્રમણી (સજળ નેત્રે) પિતાજી! આપ સમજુ છો છતાં મને વધારે શુ કહેવડાવો છો? લજ્જાના પટન છેદન કરી આપને વિશેષ કાંઇ કહી શકતી નથી. જો આ વખતે મારી માતા હોતતો મારે આપની સાથે આ વિષે કઇપણ કહેવુ પડત નહિ. હું માત્ર આપને એટલીજ પ્રાર્થના કરૂ છુ કે દયા કરો મારૂ લગ્ન હાલ બંધ રાખો.

મોહન—(જરા ક્રોધથી) તે કદી બની શકનાર નથી. તને ભણાવીને બે અક્ષર સમજતી કરી તેથીજ તુ અત્યારે સ્વતંત્ર થઇ

મારી સામે થાય છે ને ? વિદ્યાનો તું આવો દુરૂપયોગ કરીશ એવો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

રાંક ચંદ્રમણી ત્યાંથી નિરાશ થઇ ભગ્ન હૃદયે એક એકાંત સ્થળમાં જઇ આત્મગત્ વિચાર કરવા લાગી "અહા ! સર્વેશ્વર સંસારમાં સૌ સ્વાર્થનુજ સગું છે, સ્વાર્થ માટે પિતા પોતાની પુત્રી પ્રત્યેનો વાત્સલ્ય પ્રેમ બાજુએ મુકી તેનું અનિષ્ટ કરતા જરા પણ આંચકો ખાતો નથી. હવે શુ કરૂં ? મ્હારી વિનતી કોણ સાંભળી શકે તેમ છે !

શુ ત્યારે પિતાની ઇચ્છાને તાબે થઈ પ્રેમહિન સંસારમા જોડાઇ દુ:ખમાં જીવન વ્યતિત્ કરૂ ? ના ના. તે તો નજ બને ! જીવનનો સ્વામી એકજ છે. રજનીકાન્ત ! તમારે માટે હુ શુ કરૂં ? પાપી પીતા આપણા અમૃતમય જીવનમાં દ્રવ્ય લોભથી હળાહળ વિષ રેડવા ઉભો થયો છે."

ઘણો વખત વિચાર કર્યા છતાં નિરાધાર બાલિકાને એકે દિશા સુઝી નહિ. છેવટે તેણે એક પ્રકારનો નિશ્ચય કરી દીધો. અને છેલ્લી વેળા પોતાના પ્રિય રજનીને એક પત્ર લખી કોઇ જાણે નહિ તેમ તેના ટેબલના ખાનામા મુકી દઇ પોતે નદી કીનારાનો માર્ગ પકડયો.

વ્હાલા વાંચકો ! આવો ! હવે આપણે જરાક પુત્રીનો પૈસો લઇ દ્રવ્યવાન થવાની આકાંક્ષા રાખનાર મોહનલાલના કલ્પનાયંત્ર તરફ નજર ફરીએ.

સમીસાંજનો સમય થયો છે. મોહનલાલ પોતાને ઘેર પાટ ઉપર એક ફાટેલી ગોદડી ઉપર બેઠેલો છે. "શું પુત્રી લગ્નમાં વિઘ્ન તો નહિ નાખે ?" એ વિચારે તેના મસ્તીષ્કને જરાક ડોલાવ્યું. એટલામાં તેને એક છીંક આવી તથા ઘરમાથી એક બીલાડી દોડતી

દોડતી બહાર ચાલી ગઇ ! ! ' અરે આ શુ મ્હારી પૈસાદાર થવા-ની આશા ધુળમાં મળી જશે ? " "ના. ના. એમ હોય નહિ. એ બિચારી છોકરીયો બીજુ શુ થઇ શકનાર છે ? એતો એની મેળે સમજી જશે." એટલામા એક યુવતી ઉતાવળે પગલે ત્યાં આવી અને શ્વાસ ભર્યા વદને કહેવા લાગી. ' મોહનકાકા ! જુલમ થઇ ગયો ! તમારી ચંદ્રમણિ નદીમાં ડુબી ગઇ. મ્હારી નાની બેન નદી ઉપર ધોવા ગઇ હતી તેણે હમણા મને એ સમાચાર કહ્યા." આ સાંભળી મોહનલાલ "હાય હાય ! કર્મ ફુટી ગયુ " એમ બોલતો નદી તરફ દોડયો. જોતજોતામાં ત્યાં ઘણાં લોક ભેગાં થઇ ગયા. રજનીકાન્ત પણ આ હૃદયવેધક વર્તમાન સાંભળી ત્યાં આવી પહોચ્યો ! પણ હાય ! નિર્દોષ રાક કુમારિકાને વરૂણદેવે કયારનીએ પોતાને શરણે લઇ લીધી હતી. મોહનભાઇની દિલગીરીનો પાર રહ્યા નહિ તેમના પૈસાદાર થવાના સર્વ હવાઇ કિલ્લા જમીનદોસ્ત થઇ ગયા.

આ બનાવ જોઇ ગામમા લોકો જેમ ફાવે તેમ વાતો કરવા લાગ્યાં તેમાં મુખ્યત્વે કરીને કન્યાવિક્રયના રિવાજને ઘણો ધિક્કારવામાં આવ્યો. ચદ્રમણિ નદીમાં ડુબ્યાને ત્રણ દિવસ પસાર થઇ ગયા. તેનો પિતા તથા સગાંસબધી સર્વ જણ પાછા પોતપોતાના સ્વાર્થમય જીવનમાં પ્રવૃત્ત થવા લાગ્યાં. માત્ર જેનાં હ્રદય સાથે જેના પવિત્ર પ્રેમની ગાંઠ પડી હતી એવા રજનીકાન્તનેજ જીવન વ્યવહાર વિષમય લાગ્યો. તેણે ખાવું પીવું છોડી દીધું. નેત્રમાંથી અશ્રુ પ્રવાહ ખાળી દિવસ મહા પરાકાષ્ટાએ કાઢવા લાગ્યો. છેવટે ત્રીજે દિવસે તેણે સંસાર ત્યાગ કરવાનો દ્રઢ નિશ્ચય કરી દીધો પોતાની પાસે દ્રવ્યમાં માત્ર વ્હાલાં પુસ્તકો હતાં. ટેબલ ઉઘાડી તેમને છેલ્લીવારના પ્રણામ કરવા લાગ્યો.

એટલામાં અચાનક ચંદ્રમણિએ મુકેલો પત્ર તેની દ્રષ્ટિએ પડયો. સ-જળ નેત્રે પત્ર વાંચવા માંડયો.

મારા પ્રિય રજનીકાન્ત--

ભવિષ્યના આપણા સુખમય જીવનમાં પાપી પિતા કટકરૂપ થઈ પડવાથી એકે દિશા સુઝી નહિ. અને તેથીજ આત્મહત્યાનો માર્ગ પકડયો છે. આપના કોમળ ચરણની સેવા કરી શુદ્ધ દાંપત્ય પ્રેમ દિપાવવાની ઉર્મીઓ હ્રદયમાંજ રહી જાય છે. વ્હાલા! પ્રભુને નમ્ર પ્રાર્થના કરૂં છું કે "અવર જન્મમાં આપની દાસી બનાવી સેવા કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરાવજો." છેવટે આપને વિનંતી કરી લખું છુ કે મ્હારા વિયોગથી અશ્રુ સારી આપના અમુલ્ય જીવનને જરા પણ કષ્ટ આપશો નહિ. કોઇ ભાગ્યશાળી લલનાથી સલગ્ન થઇ જીવનનુ સાર્થક કરજો. એજ લી.

નિર્ભાગી ચંદ્રમણિના અંતિમ પ્રણામ.

"પ્રિયા શુ તમને આવી રીતે લખવાનું યોગ્ય લાગ્યુ?" પત્રને અશ્રુજળથી ભીંજવતાં રજનીકાન્તે ઉદ્ગાર કાઢયો.

તેણે જાણ્યુ કે હવે કોટી પ્રયાસે પણ પોતાની પ્રાણ સખી મળી શકે એમ નથી. નકામો શોક પરિત્યાગ કરી તેણે ગરીબ લોકની સેવામા જીવનશેષ ગાળ્યુ.

દૈવની કૃપાથી લક્ષ્મીદેવીની તેના ઉપર કૃપા થઇ. ચંદ્રમણિથી મનોહર અનેક યુવતીઓનાં માગાં તેને માટે આવ્યાં પણ તે પોતાના નિશ્ચયમાં દ્દઢ રહ્યો. અને જીવનમા કોઇવાર તે હસ્યો નહીં.

સમાપ્ત.

૧૩

ગઝલ.

કદી આભારનાં કામો અચળ કીર્તિ જમાવીજા
તજીને પા: અન્જામો અચળ—

બની ભક્તિ તણો ભાઇ, અવરના કાર્યમાં ધાઇ,
નિતિનીમાશ્ર ગુંથાઇ, અચળ કીર્તિ જમાવીજા;
ફીટાવી ધર્મની કુડી, અનાચારો બધા છોડી,
દુઃખીનાં દર્દને તોડો—અચળ કીર્તિ જમાવીજા.
રચાને બોધના ગ્રંથો, પળાવી સત્યના પંથો,
કરી પરમાર્થનો ધંધો—અચળ કીર્તિ જમાવીજા;
દઇ વિદ્યા તણાં દાનો, સુણી આ શીશનાં ગાનો.
બચાવી ગાયના જાનો, અચળ કીર્તિ જમાવીજા,
સુધારી જાતને પ્હેલી, વધારી બુદ્ધિની વેલી;
અવિદ્યા દૂર હડસેલી, અચળ કીર્તિ જમાવીજા.
બનીતું પ્રેમનો માળી પ્રિતિના કોલને પાળી,
અલૌકિક સુખદેનારી—અચળ કીર્તિ જમાવીજા.
પીંછી ઉદ્યોગની લઇને ઉદયના માર્ગમાં થઇને,
પ્રભુના બારણે જઇને, અચળ કીર્તિ જમાવીજા,
ગણી માયા બધી જુઠી, ગુરૂ સદ્બોધને લુટી,
ભરીને પુણ્યની પોટી, અચળ કીર્તિ જમાવીજા.
રીપુ તું ક્રોધને જીતિ, મટાડી કૈંકની ભીતિ,
ગ્રહી વિક્રમતણી રીતિ, અચળ કીર્તિ જમાવીજા.
ચહેજો મોક્ષની બારી, મળી આનંદ જ્યાં ભારી,
પ્રભુનાં સુત્રને પાળી, અચળ કીર્તિ જમાવીજા.

ગઝલ.

મટાડી ઘોર અંધારૂ સુધારસ પી પીવાડીને
બતાવી સુખનુ બારૂ સુધારસ પી, પીંવાડીને
દુખીના સંકટો કાપી રૂડા વિદ્યાલયો સ્થાપી
નીતિના ભાષણો આપી સુધારસ પી પીંવાડીને
તજીને સ્વાર્થ પોતાનો બની જા વીર તું દાનો
બચાવી જીવના જાનો સુધારસ પીં પીવાડીને
વ્યસન વીંછી સમુ ધારી વળી કુચાલ વીદારી
સતીના દુઃખ નીવારી સુધારસ પી પીંવાડીને
અનીતિ પથને વ્હેરી વિષય તું માનજે ઝેરી
પ્રભૂની માળને પ્હેરી સુધારસ પીં પીવાડીને
ખલકને માનજે ફાની રીઝાવી દુશ્મનો જાની
અતિ એ ઉચ્ચતમ માની સુધારસ પી પીંવાડીને
ગણીને વેદના વાણી કરી લે સેવ માતાની
શ્રવણની જીંદગી જાણી સુધારસ પી પીંવાડીને
સુખેથી "હાય" ઉચરતા જનો કૈ અન્ન વિણુ ફરતા
કરી સૌને ઉદર ભરતા સુધારસ પી પીંવાડીને
વનિતા નાથ વીનાની બનાવી ધર્મમા જ્ઞાની
બની ઉપદેશ સુકાની સુધારસ પી પીંવાડીને
ગુરૂની સાથ સધાઈ ભજી લે પ્રશ સુખદાઇ
મણીલાલે કહ્યું ભાઇ ! સુધારસ પી પીંવાડીને

ગઝલ.—નથી શું જાણુતા ચોરો અમે સુધારકો છૈએ
જુના આચાર તજવાની રૂડી શીખામણો દૈએ
જુઓ આ કૅપ છે માથે—ફરીશું ડોલતા હાથે
અમારી મંડળી સાથે—અમે સુધારકો છૈએ
નીમાળા ગુચ્છ માથે છે—અમારી આબરૂ એ છે
બધા હીમાયતી કે' છે—અમે સુધારકો છૈએ
લગાવ્યો કાંઠલો ડોકે—પડે વમમો ઘણો જોકે
વડીલો જોઇને ચોકે—અમે સુધારકો છૈએ
ગમેના પોતીંયુ જરીંએ ધરી સ્ટોકીંગને ફરીએ
જરીના કોઇથી ડરીએ—અમે સુધારકો છૈએ
પડયાં ખાલી ખીસાં તો શું—મરે ઘરનાં બધા તો શું
અમે તો નાટકો જોશું—ખરે ' સુધારકો છૈએ
અમારા ઘર મહીં આવી—પીઓને ચાય સુખદાઈ
જુના વિચારના ભાઇ—અમે સુધારકો છૈએ

ગઝલ.—ભલે હો દુશ્મનો ઝેરી—અમે બંધુ ઉચ્ચારી શું.
ઉઠાવી સંકટો કારી—સદા સંતોષ ધારીશું.
મળો દોલત બગીચાયા શીતળ વૃક્ષો તણી છાયા
ગણી મીથ્યા બધી માયા—સદા સતોષ ધારીશું.
દુપટ્ટા વસ્ત્રને શેલાં ગુલાબી કેસરી લીલાં
ભલે કાષાય કીધેલાં—સદા સતોષ ધારીશુ.
પુરી લાડુ અને ધારી ક્ષુધાને નાશ કરનારી
મળ્યુ જો એકલુ વારી—સદા સતોષ ધારીશું.
જીગર જેવો ગણો પ્યારો અગર અંગીત જન ધારો
ન પરવા કાકરા મારો—સદા સતોષ ધારીશું.
ખરી ભક્તિ તણી બારી સકળ દુખો થકી ન્યારી
મળી છે મોક્ષ દેનારી—" મગન " સતોષ ધારીશુ.

મ. દ. શાહ.

સમાપ્ત.

નિશ્વાર્થ પ્રેમે ગ્રાહકો કરવામાં મદદ કરનાર
પરોપકારી ગૃહસ્થોની નામાવળી.

શ્રીયુત	હીરાલાલ ત્રીભોવનદાસ. શીરસ્તેદાર	પોલીસ ડીપાર્ટમેન્ટ
,,	મણીલાલ મોહનલાલ ક્લાર્ક	,,
,,	છગનલાલ શંકરલાલ સ્કુલ માસ્તર	રડોદરા
,,	નારણલાલ હરીવલ્લવદાસ આસી. સ્ટેશન માસ્તર	લખતર
,,	ભોગીલાલ ગીરધરલાલ મોદી સ્કુલ માસ્તર	ગાઠીયોલ.
,,	મગનલાલ દલુચંદ શાહ.	એકલારાવાળાં
,,	છોટાલાલ છગનલાલ શાહ.	ગાભટ
,,	ભોગીલાલ છગનલાલ જોશી.	વીજાપુર
,,	શંકરલાલ ગુલાબરાય ગવળી.	ઇડર.
,	પુંજીરામ હરીકરણદાસ.	ખેડ બ્રહ્મા
,,	સોમેશ્વર કાશીરામ.	પુસરી
,,	અંબાલાલ ધનેશ્વર	બડોલી.
,,	મોભારામ હીમતરામ વકીલ	ગયગઢ નિવાસી.
,,	માહીદાસ અબતીદાસ વકીલ.	ઇડર
,,	ચુનીલાલ કામેશ્વર કપાઉન્ડર	વડાલી
,,	ડાહ્યાલાલ મુળચંદ ભંડારી	ક. ઇ. ઉ. વિ.
,,	જીવરાજ ગુલાબચંદ.	ઇડર
,,	ચુનીલાલ હરીચંદ શાહ.	ઇડરવાળા.
,,	છોટાલાલ ઘેલાભાઇ	જાદર.
,,	જીવરામ કીશોરભાઇ નાયક.	જાદર—બડોલી તલાટી.
,,	ભોગીલાલ કાશીદાસ શાહ હેડ માસ્તર	ચાંપલપુર

ઉપર લખેલા સદ્‌ગૃહસ્થોએ માત્ર પરોપકાર વૃત્તિથી મને ગ્રાહકો કરવામાં સ્હાય કરી છે. તેથી અત્રે તે સર્વે કૃપાળુ બંધુઓનો અંતઃકરણ પૂર્વક આભાર માનુંછું. પ્રભુ, એવા દયાળુ નરોના સુખ અને આબાદીમાં સદા વૃદ્ધિ કરો !

લી. આભારી શેવક મણીલાલ જીવરામ ગાંધી.

અગાઉથી ગ્રાહક થનાર ઉદાર ચિત્ત સદ્‌ગ્રહસ્થોની નામાવળી.

જાદર.

૧ રા. રા. શ્રીયુત ધરમચંદ મોતીચંદ મહેતા.
૧ ,, ,, છોટાલાલ ઘેલાભાઇ, અરોડા તલાટી
૧ મેસર્સ. સુરેન્દ્ર મણીલાલની કંપની.
૧ મેસર્સ. ત્રીભોવન ખેમચંદની કું૦
૧ રા. રા. શ્રીયુત જોશી અંબાલાલ ખેમરાય.
૧ ,, ,, મણીલાલ મોહનલાલ મહેતા કલાર્ક.
૧ ,, ,, હરીલાલ ત્રીભોવનદાસ—મીરસ્તેદાર પોલીસ ઓફીસ
૧ ,, ,, મોહનલાલ રાજારામ વૈદ.
૧ ,, ,, સોભારામ બહેચર જોશી.
૧ ,, ,, લાભશંકર લક્ષ્મીશંકર વ્યાસ.
૧ ,, ,, હરગોવીંદ નરોતમદાસ મહેતા.
૧ ,, ,, મોહનલાલ જીવાજી કલાર્ક.
૧ ,, ,, ગાંધી લીલાચંદ ફતેચંદ કારકુન.
૧ ,, ,, પ્રલહાદ શોભાગમ ઇસરી નાકાદાર.
૧ ,, ,, હાથીરામ વિશ્નુરામ ભટ્ટ.
૧ ,, ,, મગનલાલ સાંકલચંદ.

વીરપુર.

૨ ઠાકોર સાહેબ શ્રી ફતેપતસીંહજી.
૧ રા. રા. મોહનલાલ એન્ડ જીવરાજ.
૧ રા. રા. રણછોડલાલ ગીરધરદાસ.

ઇડર.

10 રા. રા. શ્રીયુત જીવરાજ ગુલાબચંદ શાહ.
૨ ,, ,, શંકર ગીરજી; ગોસાંઇ.
૧ ,, ,, સુખદેવ કાળીદાસ.
૧ ,, ,, ચુનીલાલ બહેચરદાસ.
૧ ,, ,, ચીમનલાલ કેશવલાલ શેઠ.
૧ ,, ,, અમથારામ ગંગારામ પંડ્યા.
૨ ,, ,, ડૉકટર ચુનીલાલ હરગોવીંદ જયાની
ચંદ્રધારા ઑફીસ.
૧ ,, ,, ગોવીંદરામ ઉગરેશ્વર ઇડર મામલતદાર સાહેબ.
૧ ,, ,, ઉદેસીંગ ગુલાબસીંગ કલાર્ક.
૨ ,, ,, મોહનલાલ ફુલચંદ શાહ.
૧ ,, ,, હીમતરામ લક્ષ્મીચંદ મહેતા.
૨ ,, ,, ચુનીલાલ હરીચંદ શાહ સીણોલ તલાટી.
૧ ,, ,, પુરસોતમ કામરાજ ગામગઢી તલાટી.
૧ ,, ,, નોતમરામ હરજીવન રે. ઇ. ઇડર.
૧ ,, ,, ઝવેરીશંકર જમીયતરામ ક. ઇ. દ. વિ.
૧ ,, ,, સુલેમાન માનાભાઇ મસુરી.
૧ ,, નથ્થુભાઇ લીલાભાઇ ઇડર બૉર્ડીંગ
૧ ,, કન્હૈયાલાલ લાલજીભાઇ ,,
૧ ,, દેવશંકર કોદરલાલ ,,
૧ ,, સુરજલાલ રામશંકર.
૧ ,, ડાહ્યાલાલ નરભેરામ કલાર્ક.
૧ ,, પ્રલ્હાદરામ ગોવીંદરામ.
૧ ,, લલ્લુભાઇ રણછોડદાસ હડીયોલ તલાટી.

૧ ,, ચેનરામ હીરારામ નાકાદાર ઇડર સ્ટેશન.
૧ ,, ડાહ્યાલાલ ધરમચંદ ભીલોડા બેલીફ.
૧ ,, મેતા ચુનીલાલ નેમચંદ.
૧ ,, ગાંધી કુબેર ખુશાલ.
૧ ,, શાહ મણીલાલ વીરચંદ.
૧ ,, મેતા ચુનીલાલ ગુલાબચંદ સીરેસ્તદાર આબકારીઓફીસ
૧ ,, પ્રેમચંદ મોતીચંદ શાહ.
૧ ,, મોહનલાલ હરખરામ.
૧ ,, સોની દેવશી હીરા.
૧ ,, ડાહ્યાભાઈ મુલચંદ ભંડારી ટ્રાવેલીંગ કસ્ટમ ઇન્સ્પેકટર
૧ ,, શેઠ પ્રલ્હાદ કાશીરામ
૧ ,, અમરતલાલ ગંગારામ.
,, ,, કાશીરામ રાજારામ.
૧ ,, હેમચંદ છગનલાલ,
૧ ,, વીરચંદ મોતીચંદ મારફતીયા.
૫ ,, શ્રીયુત લલ્લુભાઇ જયશંકર.
૨ ,, શ્રીયુત મોહનલાલ જયશંકર.
૧ ,, પુરૂશોતમ ઘેલજીભાઇ.
૧ ,, શેઠ ગીરધરલાલ દુલ્લભરામ.

એકલારા.

૧ ,, શ્રીયુત મગનલાલ દલુચંદ શાહ ગાબટ નાકાદાર.
૧ ,, શ્રીયુત ચકુલાલ તલકચંદ એકલારા નાકાદાર.

ટીંટોઇ.

૧ રા. રા. ભુરાજી ગેંદાલજી હલકારા.
૧ ,, જવાનસીંગ ઉદેસીંગજી મોટી મ્હોરી નાકાદાર.

સીણોલ.

૧ ,, શ્રીયુત ગણપતરામ મનોરદાસ.
૧ ,, શ્રીયુત છગન બહેચર પટેલ નવી સીણોલના મુખી.
૧ ,, દ્વારકાંદાસ મનોરદાસ નાકાદાર.
૧ ,, પરમચંદ નાનચંદ શાહ.
૧ ,, લલ્લુ મુળચંદ શાહ
૧ ,, પુંજાલાલ દલુચંદ શાહ.
૧ ,, વેણીચંદ દલુચંદ શાહ.
૧ ,, પંડયા કાળીદાસ સાકળેશ્વર.
૧ ,, પટેલ હરીદાસ પ્રભુદાસ મતાદાર.
૧ ,, શા. મગળદાસ લલ્લુદાસ.
૧ ,, શા. પીતાંબર લાનચંદ.
૧ ,, સોની મગનલાલ મુળચંદ.
૧ , સોની પુંજાલાલ મુલચંદ.
૧ ,, ભીખાલાલ પ્રેમચંદ.
૧ ,, પટેલ મુલા નછા.
૧ ,, પંડયા રેવાશંકર લજ્યારામ ગામઠી નીશાળના મહેતાજી.
૧ ,, ભટ લલ્લુ બહેચર.

ગોલાં.

૧ ,, ત્રવાડી મોતીલાલ રામશંકર મોઢુકા તલાટી.
૧ ,, નર્મદાશંકર ગુલાબરામ સબલપુર સાહેર કારકુન.
૧ ,, છગનલાલ જેઠીરામ હીમતનગર પત્થર કારકુન.
૧ શ્રીયુત્ રામશંકર કામદાર
૧ ,, લક્ષ્મીરામ પુરશોતમ ત્રીવેદી.

વડાલી.

૧ ,, શ્રીયુત છોટાલાલ પાનાચંદ, સોની.
૧ ,, બલદેવરામ ગુલાલરામ મેઘરાજ તલાટી.
૧ ,, કડવા એદલજી સીપાઇ.
૧ ,, વકીલ લલ્લુભાઇ બેચરદાસ.
૧ ,, ભંડારી સાંકળચંદ માધવજી.
૧ ,, જુખમરામ આશારામ.
૧ રા. રા. પ્રલ્હાદરામ વિશ્નુરામ જોશી.
૧ ,, મગનલાલ નાનાલાલ ,,
૧ ,, મોહનલાલ વિશ્વનાથ.
૧ ,, કોદરલાલ લક્ષ્મીરામ દવે.
૧ ,, ગવરીશંકર નરોતમ જોશી.
૧ ,, ભીખાલાલ કોદરલાલ પંડયા.
૧ ,, સાકરલાલ વિઠ્ઠલદાસ
૨ ,, ચુનીલાલ કામેશ્વર પંડયા.
૨ શ્રીયુત્ ડોકટર સાહેબ ઉમીયાશંકરભાઇ.

ખેડબ્રહ્મા

૧ ,, જોશી અંબાશંકર જયશંકર મોઢુકા નાકાદાર.
૧ ,, પુજીરામ હરીકરણદાસ પોશીના નાકેદાર.
૧ ,, નર્મદાશંકર ગુલાબરામ ત્રવાડી સબલપુર સાહેર કારકુન
૧ ,, રેવાશંકર રામેશ્વર.
૧ ,, હરગોવીંદ હરજીવનદાસ.
૧ ,, લકુબ ગોપાલસીંહ ગમાનસીંહજી.
૧ ,, હવાલદાર પનેસીંહજી ખમાણસીંહજી.
૧ ,, મોહનલાલ કુબેરદાસ મહેતા.

સીણુવાડા.

૧ „ જોદ્ધા જુજારસીંગ કીશોરશીંગ કુણોલ નાકાદાર.

લીંભોઇ.

૧ „ સદુ નામદાર નાકાદાર.

કાંકણોલ.

૧ „ વિઠ્ઠલદાસ બહેચરલાલ.

ભીલોડા.

૧ „ શા. તારાચંદ તલકચંદ.

૧ „ શા. મુલચંદ મલુકચંદ.

૧ „ હીરાચંદ મયાચંદ સ્કુલમાસ્તર.

૧ „ પુરશોતમ મોહનલાલ આસીસ્ટંટ માસ્તર.

૧ „ શેઠ લલ્લુભાઇ ગુલાબચંદ.

૧ „ સોની કાલીદાસ હેમચંદ.

૧ „ શેઠ મલુકચંદ નાનચંદ.

૧ „ શા. પાનાચંદ મુલચંદ.

મુનાઇ.

૧ રા. રા. શા. પાનાચંદ બાદર.

૧ રા. રા. શા. નાથાલાલ વેણીચંદ વખારીયા.

ચીત્રોડા.

૧ રા. રા. ઉમીયાશંકર કેશવલાલ નાકાદાર.

૧ રા. રા. બાદર દલા પટેલ.

૧ „ ઠક્કર મગનલાલ રામચંદ.

મઉ.

૧ રા. રા. શા. કેવળ વેણીચંદ.

ખેરાડી.

૧ રા. રા. ગાંધી કોદરલાલ તલકચંદ.

વસાઈ.

૫ શ્રીયુત ગુલાબજીભાઇ લાલજીભાઇ દેસાઇ મામલતદાર સાહેબ–સબલપુર

હરચોલ.

૧ રા. રા. જમનાદાસ ગીરધરલાલ.

ભેંસાવાડા.

૧ રા. રા. છગનલાલ વિઠ્ઠલદાસ હેડમાસ્તર.

૧ રા. રા. પુરશોતમ નાનચંદ આસી. માસ્તર.

પુંસરી.

૧ રા. રા. સોમેશ્વર કાશીરામ ઇ. માસ્તર.

૧ રા. રા. શા. ચુનીલાલ શામળદાસ.

૧ રા. રા. શા. કોદરલાલ સાકળચંદ.

૧ રા. રા. મોદી દામોદર લલ્લુદાસ.

૧ રા. રા. ગાંધી ફકીરચંદ મોતીચંદ.

બડોલી.

૧ રા. રા. અંબાલાલ ધનેશ્વર રાયગઢ તલાટી.

વીજાપુર.

૧ રા. રા. મોતીજી દેવજી બાયડ ફોજદારના કારકુન.

૧ શ્રીયુત જગન્નાથ વીઠ્ઠલદાસ હાલ, મુંબઇ

૧ „ ભોગીલાલ છગનલાલ.

૧ „ કેશવલાલ છગનલાલ સ્કુલમાસ્તર ફલુ.

૧ „ જીવણલાલ વિઠલદાસ.

૧ „ અંબાલાલ મહાસુખરામ.

૧ રા. રા. ગગનલાલ અમથારામ. હાલ મુંબઇ.

સાબલી.

૧ રા. રા. કેશવલાલ લીલાધર ઇડર સ્કુલમાં.

૩ રા રા. ઉમેદચંદ કાશીરામ કમીશન એજન્ટ–મુંબઇ–મુંડીબજાર

ચરાડા.

૧ ,, પ્રલ્હાદજી મગનલાલ યાજ્ઞિક. વડનગરા.

૨ ,, મણીલાલ વિશ્નુરામ જોશી આસી. માસ્તર ચરાડા

મુંબઇ.

૫ ,, શ્રીયુત શીવરામ પુંજીરામ ઠે. ગ્રાંટરોડ. સીણોલ નિવાસી

ડુંગરવાડા.

૧ ,, રામશંકર શીવશંકર આઢોડીયા તલાટી.

ગાંઠીયોલ

૧ ,, શેઠ વેણીચંદ કેશવજી.

૧ ,, મેતા ડાહ્યાલાલ હાથીભાઇ.

ટાકાટુંકા.

૫ રા. રા. શા. લક્ષ્મીચંદ ભાઇચંદ.

વસાદરા.

૧ પટેલ તળસી નારણજી.

સરસોલી.

૧ રા. રા. પટેલ કેશરભાઇ કાલીદાસ.

૧ રા. રા. પટેલ ભગા હીરા.

૧ રા. રા. શાહ મુલજી કાહ્યાદાસ.

૧ રા. રા. પટેલ નરસીદાસ કાલીદાસ.

નીકોડા.

૧ રા. રા. સોની છોટાલાલ જીવરાજ.

દેરોલ (કાઠાની)

૧ રા. રા. ત્રવાડી વલ્લભરામ અમથારામ.

વકાતપુર.

૧ રા. રા. શા. જીવરાજ નેમચંદ.

મુવર.

૧ રા. રા. જોશી ઉમીયાશંકર ખેમરામ.

પાલ.

૧ મહેરબાન ઠાકોર સાહેબ.

ઘોરવાડા.

૧ મહેરબાન ઠાકોર સાહેબ.

સાબળવાડ.

૧ રા. રા. શ્રીયુત કરણસિંહજી, નહારસીંહજી.

૧ રા. રા. શ્રીયુત મુકુન્દસિંહજી મુલસિંહજી.

અમદાવાદ.

૧ રા. રા. શ્રીયુત ભુલાભાઇ જી. નવાવાસ દાણાપીઠ.

મોડાસા

૧ રા. રા. ગોવરધન કાનજીભાઇ પેકર રાયપુર પોષ્ટ–અમદાવાદ.

બરવાવ.

૧ રા. રા. મકનજી સવજી પટેલ આસી. માસ્તર ચીત્રોડા સ્કુલ-

સલાલ,

૧ રા. રા. મુલશંકર કાળીદાસ દિક્ષિત.

ચોઇલા.

૧ રા. રા. જયશંકર કોલ્યારામ સ્કુલમાસ્તર બડોલી.
૨ રા. રા, છગનલાલ શંકરલાલ સ્કુલમાસ્તર રડોદરા.
૧ રા. રા. સોમચંદ કાલીદાસ શાહ
૧ રા. રા. બહેચરદાસ મગનલાલ શાહ.

રડોદરા.

૨ રા. રા. રાયચંદ ચગનલાલ.

શાહંબા.

૧ રા; રા. ખેમચંદ લીલાચંદ શાહ.

ડેમાઈ

૧ રા. રા. કાળીદાસ હરગોવીંદ શાહ.

૧ રા. રા. ભોગીલાલ દલસુખરામ માસ્તર.

હીમતનગર.

૧ ફોજદાર સાહેબ લક્ષ્મીનારાયણજી.

૧ રા. રા. મોદી તારાચદ મોતીચંદ.

૧ „ વીઠ્ઠલ જોઇતારામ.

૧ „ મીસ્ત્રી ચોથામલજી.

૧ „ પ્રભાશંકર છગનલાલ કલાસર.

૧ „ ત્રીભુવન દયારામ.

૧ „ ઉમીયાશંકર ઇશ્વરદાસ.

૧ „ શાન્તિલાલ માણેકલાલ.

૧ „ રેવાલાલ હીરાભાઇ.

૧ „ મણીલાલ અમૃતલાલ.

૧ „ ડાકટર સાહેબ છોટાલાલ હરીલાલ.

૧ „ દેવશકર મોતીરામ.

૧ „ મુલદેવ ધીરજરામ.

૧ „ મગનલાલ ગુલાબરામ.

૧ „ હીરાલાલ મગનલાલ.

૧ „ મગનલાલ પ્રેમચંદ.

૧ „ ચુનીલાલ રણછોડદાસ.

૧ „ હરગોવિન્દ કાળીદાસ.

૧ „ કસનદાસ ગુલાબચંદ.
૫ „ શ્રીયુત માહીદાસ અંબાવીદાસ વકીલ.
૧ „ ગોપાલદાસ જોગીદાસજી.
૧ „ પંડયા પરમાનંદ ખુશાલદાસ.
૧ „ પંડયા જયશંકર ખુશાલદાસ.
૧ „ ભોગીલાલ મગનલાલ શેઠ.
૧ રા. રા. વ્યાસ ભાઇશંકર દલસુખરામ.
૧ રા. રા. ગીરધર હીરાભાઇ.
૧ રા. રા. ડાહ્યાલાલ ભોગીલાલ શાહ.

વરસોડા.

૧ ગ. રા. અમીચંદ ગોવીંદજી આસી. માસ્તર.
૧ રા. રા. કાળીદાસ રણછોડદાસ બી. આ. માસ્તર.

મહેસાણા.

૧ શ્રીયુત લલ્લુભાઇ શામળદાસ બારોટ, ગાર્ડ.

પ્રાંતીજ.

૧ રા. રા. દેસાઇ ડાહ્યાલાલ હરીલાલ.

ગઢા

૧ રા. રા. ખત્રી માધવલાલ વીઠ્ઠલદાસ.

એકલારા

૧ રા. રા. શા. મનસુખ જીવરાજ.
૧ રા. રા. શા. માધવજી લાલચંદ.
૧ રા. રા. શા. જીવરામ હકમચંદ.
૧ રા. રા. મણીલાલ દીયાલજી.
૧ રા. રા. જોશી બબાશંકર દેવીદત.

કોટડા

૧ રા. રા. હીમતસીંહજી માલવસીહજી બાયડ ફોજદાર

મોતી મ્હોરી.

૧ રા. રા. શ્રીયુત ઠાકોર સાહેબશ્રી જગતસીંહજી.

લોલાસણ

૧ રા. રા. તુરશીરામ કેશવરામ.

લખતર (કાઠીયાવાડ.)

૨ ,, મહેતા શાંતિલાલ ખુશાલદાસ.
૧ ,, મહેતા વલ્લભદાસ રાયચંદ.
૧ ,, રાણાશ્રી વખતસીંગ મુલુભા.
૧ ,, શેઠ પુરશોતમદાસ.
૧ ,, મેળાઇ તલસી બહેચરદાસ.
૧ ,, ઠક્કર સપુર જેઠાભાઇ.
૧ ,, ઠક્કર મેરાલીભાઇ જીવણ.
૧ ,, હરજીવન લામજી.
૧ ,, ભાવસાર જેઠાલાલ.
૧ ,, મણીલાલ રાયચંદ.
૧ ,, દેવશી સુંદર.
૧ ,, મોહનલાલ અમુલખ.
૧ ,, સોની ગીરધર અંબારામ.
૧ ,, સોની રણછોડ પુંજા.
૧ ,, નારણલાલ હરીવલ્લભદાસ આસી. સ્ટેશન માસ્તર.

રાજપુર.

૧ રા. રા. મોઢ ડુંગર ખુશાલ.

શ્રવણા.

૧ રા. રા. સગરામસીંહ કેસરીસીંહ ઠાકોર સાહેબ.

૧ રા. રા. ખેમરામ શંભુરામ મતાદાર.

૧ રા. રા. લીલાધર બેચરદાસ.

૧ રા. રા. તુલજારામ મુલજી.

મુછનાં છાપરાં.

૧ રા. રા. નરસિંહ ઝવેરભાઇ.

ગાંભોઇ.

૧ ઠાકોર સાહેબ કેસરીસીંહ સુજાજી.

ચાસું.

૧ રા. રા. પ્રલ્હાદ હાથીભાઇ મું. હિમતનગર

વીરાવાડા.

૧ રા. રા. કીશોરસીહ ભવાનસીંહ. પોલીસઓફીસ ક્લાર્ક હીમતનગર

દાવડ.

૫ મહારાજા શ્રી કીશોરસીંહજી.

૧ રા. રા. રેવાશંકર દામોદર ગોર.

દેશોતર.

૧ રા. રા. નાથાલાલ રાજારામ સ્કુલમાસ્તર.

૧ રા. રા. કેશવલાલ ભગવાનદાસ.

નરોડા.

૧ રા. રા. સાંકળચંદ મોહનલાલ પોષ્ટમેન.

અરોડા.

૧ રા. રા. મગનલાલ કાલીદાસ નાકાદાર.

૧ રા. રા. જેઠાલાલ મલુકચંદ સ્કુલમાસ્તર સાહેબ.

વાંકાનેર.

૧ રા. રા. ફોજદાર સાહેબ તખતસીંહ અમરસીંહ મુ. સબલપુર.

રૂદરડી.

૧ રા. રા. ભીખાલાલ અમથાલાલ.

સાચોદર.

૧ રા. રા. મેતા ડોસલદાસ ખુશાલદાસ.

આગલોડ.

૧ રા. રા. મણીલાલ મગનલાલ રાવોલ.

જામળા.

૧ રા. રા. પંડયા જેઠાલાલ લીલાધર.

મણીચોર.

૧ રા. રા. હિમતરામ બલદેવદાસ મુ. હિમતનગર.

રાયગઢ.

૧ રા. રા. સામળદાસ દલસુખરામ.

૧ રા. રા. જેઠાલાલ મહીધરદાસ.

૧ રા. રા. દિક્ષિત લીલાધર પીતાંબર રાયગઢ નિવાસી.

૧ રા. રા. ,, નરસીરામ તુલજારામ ,,

૧ રા. રા. ,, લલ્લુભાઇ રેવાશંકર. ,,

૧ રા. રા. પંડયા મગલાલ અભયરામ. ,,

૨ રા. રા. વકીલ શોભારામ હીમતરામ.

ઇસરી.

૧ રા. રા ફલજી રેવાજી.

વડનગર.

૧ ,, નાથાલાલ લક્ષ્મીરામ મોદી.

સરડોઇ.

૧ „ કોદરજી જવાનજી.

મુડેટી.

૧ „ તુલજારામ કેશવરામ.

મેહાસણ.

૧ „ મગનલાલ છગનલાલ આચાર્ય.

સાબલી કેંટડા.

૧ „ નર્મદાશંકર નરભેરામ

ચાંપલપુર.

૧ „ શ્રીયુત ભોગીલાલ કાશીદાસ શાહ.

૧ „ નાકાદાર છગનલાલ વકતાજી દેશાઇ.

૧ „ જેઠાલાલ માણેકચંદ મહેતા.

૧ „ રાયચંદ માણેકચંદ „

૧ „ માધવલાલ તલશીદાસ પટેલ.

૧ „ અમથારામ ઉમેદરામ.

૧ „ પીતાંબર છગનલાલ.

ગાબટ.

૧ „ ધર્મચંદ નગીનદાસ શેઠ.

૧ „ છોટાલાલ છગનલાલ શાહ.

૧ „ રવચંદ ભાઇચંદ.

૧ „ હરગોવીંદ કાશીદાસ શાહ.

૧ „ ચુનીલાલ કાળીદાસ.

ઘોડાસર.

૧ „ જયચંદ મગનલાલ શાહ.

વાંચો !!! વાંચો !!! વાંચો

"છપાઇને બહાર પડી ચુક્યું છે"

અલંકૃત ભાષામાં લખાએલું રસીક નૉવેલ

'સૌભાગ્યકુમાર અને સ્નેહલ

લેખક—મણીલાલ જીવરામ ગાંધી જાદર નિવા

પવિત્ર પ્રેમમાં કેટલુ સુખ સમાએલુ છે તેનો આબેહુબ જોવો હોય તો "સૌભાગ્યકુમાર અને સ્નેહલતા" નામનું વાંચો ! કીંમત માત્ર ૦–૪–૦ (પોસ્ટેજ વી. પી.) ૦–૧–૬.

૦–૪–૬ સાડાચાર આનાની પોષ્ટની ટીકીટો મોકલનારને પોષ્ટથી પુસ્તક રવાના કરીશું.

લખાય છે !! લખાય છે !!

ચિન્તામણી—નાટક છ અંકી.

ગાયન તેમજ ભાષણ સહિત, અતિ રસિક અને

પ્રઠ શ્રૃંગાર, નીતિ અને વૈરાગ્ય રસથી ભરપુર.

કીંમત માત્ર, ૦—૬—૦ પોષ્ટેજ ૦—૧—૬

ગ્રાહક થવાની ઇચ્છા હોય તેમને નીચેને શી નામ નોંધાવી રાખવા વિનતી કરવામા આવે છે.

પુસ્તક મળવાનુ ઠેકાણું:—

મણીલાલ જીવરામ ગાંધી

મુ૦ જાદર—(મહીકાંઠ

JADAR—Statio